વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 40

# સ્વરસેતુ
## ન્યૂઝ ડાયજેસ્ટ

માર્ચ, 2013



◀ ફાર્બસ ગુજરાતી સભાના પ્રમુખપદે નવીનભાઈ દવે નિયુક્ત

# ગુજરાતી ગઝલ આલબમ 'રજૂઆત'નું વિમોચન






આ સ્પર્ધા હજી બીજા ૨૫ વર્ષ ચાલશે : શશિકાન્ત નાણાવટી ▶



◀ જનાર્દન - હર્ષદા રાવલને મોરારિબાપુના હસ્તે 'હૃદયસ્થ અવિનાશ વ્યાસ ઍવોર્ડ' એનાયત

# SHYAMAL-SAUMIL

the musical odyssey

‘સંગીત સૌની સાથે સદાને માટે’-ધ્યેયમંત્ર દ્વારા ગુજરાતી ગીત-સંગીતને પારિવારિક બનાવવાના અમારા પ્રયત્નોમાં આપ નીચેનાં ગીત-કવિતા કૉલરટ્યૂન તરીકે ડાઉનલોડ કરી સહકાર આપી શકો છો... આપનાં હૃદયની વાત આપનાં સ્નેહીજનને સંગીત દ્વારા અભિવ્યક્ત કરી શકો છો...

| Track Name | airtel | vodafone | !dea | TATA DOCOMO | BSNL | uninor |
|---|---|---|---|---|---|---|
| નિસ્બત છે અમારે ધરતીથી | 5432112523761 | 5373327807 | 3327807 | 3327807 | 1829448 | 3327807 |
| જે આંસું ખોઉં છું | 5432112523758 | 5373327804 | 3327804 | 3327804 | 1829521 | 3327804 |
| ચેતના, સંવેદનાને લાગણી તરફ | 5432112523756 | 5373327802 | 3327802 | 3327802 | 1829445 | 3327802 |
| લો કરું કોશિશ ને ફાવે તો કહું | 5432112523760 | 5373327806 | 3327806 | 3327806 | 1829447 | 3327806 |
| હાથમાં કારોબાર રાખ્યો તેં | 5432112523757 | 5373327803 | 3327803 | 3327803 | 1829446 | 3327803 |
| આ માણસ બરાબર નથી | 5432112523754 | 5373327800 | 3327800 | 3327800 | 1829443 | 3327800 |
| એવા આ હસ્તાક્ષર | 5432112307842 | 5372742069 | 2742069 | 925794 | 1528464 | 0529492 |
| એક છોકરી ના હોય ત્યારે | 5432112307843 | 5372742065 | 2742065 | 925795 | 1528466 | 0529493 |
| એક છોકરીના હાથથી રૂમાલ | 5432112307844 | 5372742071 | 2742071 | 925796 | 1528465 | 0529494 |
| મારી આંખમાં તું વહેલી | 5432112307846 | 5372742066 | 2742066 | 925798 | 1528468 | 0529496 |
| સાંવરિયો રે મારો | 5432112307847 | 5372742073 | 2742073 | 925799 | 1528469 | 0529497 |
| ચળકે છે તારો ચાંદલો | 5432112307850 | 5372742080 | 2742080 | 925802 | 1528472 | 0529500 |
| વાદળી વરસીને ચાલી ગઈ | 5432112307856 | 5372742075 | 2742075 | 925808 | 1528478 | 0529506 |
| સૈયર તારા કિયા છુંદણે | 5432112307864 | 5372742089 | 2742089 | 925816 | 1528486 | 0529514 |
| એમ પૂછીને થાય નહીં પ્રેમ | 5432112307865 | 5372742097 | 2742097 | 925817 | 1528504 | 0529515 |
| ચોમાસું ક્યાંક આસપાસ છે | 5432112307866 | 5372742096 | 2742096 | 925818 | 1528505 | 0529516 |
| હું અને તું નામના | 5432112307867 | 5372742094 | 2742094 | 925819 | 1528506 | 0529517 |
| ના તને ખબર પડી | 5432112307870 | 5372742091 | 2742091 | 925822 | 1528509 | 0529520 |
| તારી હથેળીને દરિયો | 5432112307872 | 5372742095 | 2742095 | 925824 | 1528511 | 0529522 |
| કમાલ કરે છે | 5432112307877 | 5372742100 | 2742100 | 925829 | 1528526 | 0529527 |
| ભોમિયા વિના મારે ભમવા’તા | 5432112307893 | 5372742112 | 2742112 | 926177 | 1528563 | 0529534 |
| સાબરમતી નિરંતર જેને હૈયે | 5432112308999 | 5372752810 | 2752810 | 929372 | 1536782 | 0538861 |
| અમારું શહેર છે અમદાવાદ | 5432112308991 | 5372752821 | 2752821 | 929373 | 1536774 | 0538853 |
| પ્રેમને રંગ શું ને રૂપ શું | 5432112307854 | 5372742074 | 2742074 | 925806 | 1528476 | 529504 |
| જશોદાનો છૈયો | 5432112376827 | 5372854754 | 2854754 | 958150 | 1636854 | 0570159 |
| | Direct Dial Codes | Direct Dial codes | SMS DT <Code> to 55456 | SMS SET code to 543211 | SMS BT <Code> to 56700 | SMS ACT<CODE> to 52211 |

# સંપાદકનું સારેગમ

## રંગપર્વની મુબારકબાદ...

ઋતુચક્ર ફરે છે... કમાલ કરે છે!

રાહ જોવડાવીને વરસાદ પડ્યો ને પછી લાંબો સમય રાહ જોવડાવી પાછો પડ્યો છે. આવું જ ઠંડીનું થયું! લાગતું હતું કે હવે નહિ પડે, ત્યારે જ પડી... ને બરાબરની પડી!!

પણ, હવે અમદાવાદ જેવા મહાનગરમાં અનેકવિધ કલાપ્રવૃત્તિઓ થતી રહે છે. નાટકો ભજવાય છે. નાટ્ય સ્પર્ધાઓ રંગ જમાવે છે. ચિત્રપ્રદર્શનો અને ફોટોગ્રાફી Exhibitions પણ સમયાંતરે સતત યોજાતાં રહે છે. ફિલ્મ ડૉક્યુમેન્ટરીની મહત્ત્વતા પણ સ્પષ્ટ થઈ રહી છે. દેશભરનાં હસ્તકલાના કુશળ કારીગરો પણ અહીં હાટ માંડે છે. ફૂલ–છોડનાં પ્રદર્શનોમાં સારી કમાણી થાય છે. નૃત્યના કાર્યક્રમોને એના ચાહકો મળે છે. નગરમાંથી મહાનગર થવાના આ સંકેત છે. પરિષદો, પરિસંવાદો અને પ્રદર્શનોથી નાગરિકો સમૃદ્ધ થઈ રહ્યા છે.

સંગીતનું અનોખું વાતાવરણ છે. ફિલ્મસંગીતની લોકપ્રિયતા અકબંધ છે. રાષ્ટ્રીય સ્તરના પ્રસિધ્ધ કલાકારો ઘરઆંગણે માણવા મળ્યા. સૂફી સંગીતની લોબાની સુવાસે હવા મઘમઘી ઊઠી. રૉક બેન્ડનો ધમધમાટ પણ યૌવનને ડોલાવી ગયો. કાવ્યસંગીતે પણ એની પ્રભાવક હાજરી નોંધાવી.

કવિતા પાઠને કવિ સંમેલન દ્વારા કવિજનોના સ્વમુખે કાવ્ય રજૂ થાય અને શ્રોતા એને માણે એવા પ્રયોગોનું પ્રમાણ પણ વધ્યું છે. મૂર્ધન્ય કવિજનોની સાથોસાથ હવે યુવાકવિઓ FB પરથી મંચ પર પ્રગટ થઈને પોતાની ઓળખ સાધિકાર ઊભી કરવા મથી રહ્યા છે.

અમને ય સ્વરસેતુ પરિવાર સાથે અમારી પ્રસન્નતા વહેંચવાનો આનંદ છે. તાજેતરમાં જ અમે ગુજરાતી ગઝલોના આલબમ ‘રજૂઆત’ની રજૂઆત દ્વારા કવિતા અને સંગીતનાં સમન્વયનો સેતુ સર્જ્યો, જેને વિશાળ સંખ્યામાં નગરજનોએ આવકાર્યો.

નગરના–મહાનગરમાં પરિવર્તનની દિશામાં મૂકતાં પગલાંમાં અમારું આ એક પગલું... આશાભર્યું.. આત્મવિશ્વાસ સભર!

-સૌમિલ મુનશી



વર્ષ:૨ / અંક: ૯ / માર્ચ-૧૩

તંત્રી અને સંપાદક: સૌમિલ મુનશી

પ્રકાશક: સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શક: તુષાર શુક્લ

ડિઝાઈન કનસેપ્ટસ:
ઝીબ્રા આઈડીયાલેબ

તસવીર પરામર્શક: વિવેક દેસાઈ

વ્યવસ્થા: હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવ:
મિરાત ભટ્ટ, જિગીષા જાની

સહાય: ગોપાલ પઢિયાર

કાર્યાલય: સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદવાદ-૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ – ૩૫

ઈ-મેઈલ:
તંત્રી: saumilmunshi60@yahoo.co.in
પ્રકાશક: swarsetu@yahoo.com
swarsetu@shyamalsaumil.com

છૂટક મૂલ્ય: ₹ ૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાં: ₹૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં: અમેરિકન ડોલર ૫૦
બ્રિટીશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )

( નોંધ : લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.)

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad - 380 022 and **published from** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006. **Editor -** SAUMIL PARESH MUNSHI.

श्यामल–सौमिल

प्रस्तुत

Music for all forever

निर्मल



# शिवमहिम्नः स्तोत्रम्

## भूमिका एवं भावानुवाद सहित



: संगीत-रचना :
श्री रसिकलाल भौजक

: अधिद्रष्टा :
डॉ. वासुदेव पाठक 'वागर्थ'



**Audio CD And DVD Available at all Music Stores**

સંપર્ક કરોઃ

**Marketed by**: Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us: **26561834/35** visit us at: www.shyamalsaumil.com

સંગીત
શ્યામલ-સૌમિલ

સ્કેલ-કાળી-ત્રણ

# ફાગણ ફોરમ તો આયો

૪/૪ રાજસ્થાની ઠેકો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ન઼ીસા | સાન઼ી | સારે | રેસા | ન઼ીસા | સાન઼ી | સારે | રેસા |
| લાલ | લાલ | લાલ | લાલ | રંગ | પેલાં | કેસૂ | ડાનો |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ન઼ીસા | સાન઼ી | સારે | રેસા | ન઼ીસા | સારે | x | x |
| સર | સર | પર | પથ | રા • | યો • | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રેમ | મમ | મપ | પમ | રેમ | મમ | મપ | પમ |
| ઋતુ | ઓનો | રાજા | પેલો | ફાગ | ણઆં | ગણ | આયો |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રેપ | પમ | મરે | રેસા | ન઼ીસા | સા | – | – |
| અલ | બે • | લો • | લહે | રા • | યો • | • | • |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| x | સા | સા | સા | સા | – રે | સા | ન઼ી |
| | ફા | ગણ | ફો | ર | મ | તો | • |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન઼ીસા | સારે | – | પ | મપ | પમ | મરે | રેસા | ન઼ી , | ન઼ી | ન઼ી | સા |
| આ | યો • | • | આ | યો • | રે • | આ • | યો • | • | ફા | ગણ | ફો |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રે | – મ | રે | સારે | ન઼ી | ન઼ીસા | સા | – | – | – | – | – |
| ર | મ | તો | • • | આ | • • | યો | • | • | • | • | • |

**બધા જ અંતરા ઉપર મુજબ વગાડવા./ગાવા**



તુષાર શુક્લ

# ગુલાલીથી ગેરુઆ રંગની સ્વરયાત્રા



હર્ષદા-જનાર્દન રાવલ

'શબ્દને ન્યાય સાથેની ગાયકી એ સુગમ સંગીત'. શબ્દબ્રહ્મ અને નાદબ્રહ્મ, બંનેની ઉપાસનાની અદબ જળવાય તો કશુંક નક્કર નીપજે.

સુગમસંગીતના કલાકાર તરીકે આ કલા પ્રકાર સંદર્ભે આ સમજ છે. સુખ્યાત ગાયક દંપતી જનાર્દન રાવલ અને હર્ષદા રાવલની. એમના મતે સમાજનાં સંસ્કારસિંચનની જવાબદારી કલાકારની છે અને આ યુગલની કલાયાત્રાને નજીકથી જોનાર-જાણનાર એનાં સાક્ષી છે. એમની કલા સાધના છે અને કલા પ્રવૃત્તિમાં એનું પ્રતિબિંબ જણાય છે.

**આ દંપતીની કલાયાત્રા સંઘર્ષમય રહી છે. પરિવારના નિયમો અને નિયમનો વચ્ચે રહીને એક ગૃહસ્થ અને ગૃહિણીએ પોતાના આ શોખને જાળવ્યો છે. સંગીતને જ જીવનની એકમાત્ર પ્રવૃત્તિ ન કરી શકવા છતાં એમણે પોતાના જીવનના આનંદને આ કલાપ્રવૃત્તિની જ ભેટ ગણ્યો છે.**

જનાર્દન રાવલ મૂળ વઢવાણના વતની. મુંબઈથી કાયદાના સ્નાતક (૧૯૫૯) થયા પછી પ્રેક્ટિસ માટે અમદાવાદ આવ્યા (૧૯૬૧) પરંતુ જોડાઈ ગયા સરકારી નોકરીમાં. હર્ષદા વ્યાસનાં મૂળ લીમડીમાં પણ એમનો જન્મ અને ઉછેર અમદાવાદમાં. અમદાવાદની ગુજરાત કોલેજનાં તેઓ વિદ્યાર્થિની. જાણીતા ગાયક સ્વરકાર રાસબિહારી દેસાઈ સાથે તેઓ સંગીતપ્રવૃત્તિમાં સંકળાયેલાં હતાં.

હર્ષદાબહેનનાં પિતાશ્રી મણિશંકર વ્યાસ સારા ગાયક હતા. પિતા તરફથી એમને સંગીત વારસામાં મળ્યું હતું. જનાર્દન રાવલનાં માતુશ્રી કુસુમબહેનનો કંઠ મીઠો અને રાગ-રાગિણીનીય સારી ઓળખ.

જનાર્દનભાઈના કાકા વસંતરાય સંગીતના અચ્છા જાણકાર. એમણે જનાર્દનભાઈને હાર્મોનિયમ ભેટ આપ્યું ત્યારથી તેઓ સંગીતની નજીક આવ્યા. જનાર્દનભાઈએ શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી છે પણ હર્ષદાબહેને આવી પદ્ધતિસરની તાલીમ લીધી નથી.

જનાર્દનભાઇ પરિચિત વર્તુળમાં 'જનુભાઇ' તરીકે વિશેષ જાણીતા છે અને એ હર્ષદાબહેનને 'હસુ' કહે છે. આ બંનેને સુગમસંગીત ક્ષેત્રે લાવનાર રાસબિહારી દેસાઇએ જ એમને એકમેકની નિકટ આણવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી અને તેમણે આ મૈત્રી જીવનભર નિભાવી.

હર્ષદાબહેન યુથ ફેસ્ટીવલમાં ગાતાં ત્યારથી જ જાણીતાં હતાં. એમની ઇચ્છા મુંબઇ જઇને ગાવાની હતી. જે પૂરી થઇ અવિનાશ વ્યાસનાં આમંત્રણ સાથે. તે વખતે અવિનાશભાઈ ફિલ્મ 'સંતુ રંગીલી'નાં ગીતો રૅકોર્ડ કરતા હતા. એમાં એક ગરબો ગાવા માટે એમણે હર્ષદાબહેનને આમંત્રણ આપ્યું અને એ ગરબો અને હર્ષદાબહેનનો કંઠ ઘરે ઘરે ગુંજી ઊઠ્યો : 'એક લાલ દરવાજે તંબુ તાણિયા રે લોલ!' ૧૯૭૭માં આ ગીતના ગાયિકાને ગુજરાત સરકારે શ્રેષ્ઠ પાર્શ્વગાયિકાના ઍવોર્ડથી સન્માનિત કર્યાં અને શરૂ થઈ ગુજરાતની કોકિલકંઠી ગાયિકાના સન્માનની વણથંભી વણજાર. ૧૯૭૭ થી ૧૯૮૪ દરમિયાન હર્ષદાબહેનને ચાર વર્ષ સુધી શ્રેષ્ઠ પાર્શ્વગાયિકાના ઍવોર્ડ સાંપડ્યા છે. ૧૯૯૩માં ગુજરાત સરકારે એમને 'ગૌરવ પુરસ્કાર' પ્રદાન કર્યો છે.

જનાર્દન રાવલે પણ હર્ષદાબહેનની આ સંગીતયાત્રાના સહયાત્રિક બનીને સાથ નિભાવ્યો છે. એટલું જ નહિ, ૧૯૮૦ અને ૧૯૮૪માં શ્રેષ્ઠ પાર્શ્વગાયકનો ઍવોર્ડ



ગુજરાત સમાચાર અને સમન્વય દ્વારા આયોજિત કાવ્યસંગીત સમારોહમાં જનાર્દન-હર્ષદા રાવલને પૂજ્ય મોરારિબાપુને હસ્તે ૨૦૧૩નો 'હૃદયસ્થ અવિનાશ વ્યાસ ઍવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રિલાયન્સના પરિમલ નથવાણી, ગુજરાત સમાચારના તંત્રી શ્રેયાંસ શાહ નજરે પડે છે.

જીત્યો. ગુજરાત સરકારે એમને પણ ૧૯૯૯માં 'ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કર્યા છે.

હર્ષદાબહેન વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટરના સદસ્ય રહ્યાં છે તથા ગુજરાત સંગીત નાટક અકાદમીનું સભ્યપદ પણ તેમણે શોભાવ્યું છે. જનાર્દન રાવલ સંસ્કારભારતી ગુજરાતના ચૅરમૅનપદે રહી ચૂક્યા છે તથા સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પણ રહી ચૂક્યાં છે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ કલ્ચર ઍન્ડ ટૂરીઝમના વિશેષજ્ઞોની સમિતિના તથા ગુજરાત સરકાર દ્વારા પ્રાદેશિક ભાષાની ફિલ્મોની પારિતોષિક સલાહકાર સમિતિના સભ્ય પણ રહી ચૂક્યાં છે.

જનાર્દન રાવલ અને હર્ષદા રાવલની સંગીતયાત્રાનો મહત્ત્વનો મુકામ છે સુપ્રસિદ્ધ 'શ્રુતિ' સંસ્થાની પ્રવૃત્તિઓ. સ્વ. રાસભાઈની અનન્ય નિષ્ઠાના પરિપાક રૂપે ચાલેલી આ કલાપ્રવૃત્તિમાં ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયક-ગાયિકાઓ જોડાયેલાં. જ્યાં જ્યાં શ્રુતિના કાર્યક્રમો થતા ત્યાં સઘળે શ્રોતાઓ આ યુગલના કંઠે ગવાયેલું 'કેવા રે મળેલા મનના મેળ' (કવિ : બાલમુકુન્દ દવે, સ્વરાંકન : ક્ષેમુ દીવેટીઆ) સાંભળવાનો, હર્ષદાબહેનના કંઠે 'મારી શેરીએથી કાનકુંવર...' અને 'પિયુ મારો લીલો લજામણીનો છોડ' (કવિ : ભાસ્કર વોરા, સ્વરાંકન : ગૌરાંગ વ્યાસ) સાંભળવાનો આગ્રહ સેવતા. એ જ રીતે જનુભાઈ પાસેથી પણ 'બે ફૂલ ચડાવે મૂર્તિ પર' (અવિનાશ વ્યાસ) ને સાંભળવા માગતા. એવી જ ફરમાઇશ રહેતી હર્ષદાબહેન-વિભાબહેનના યુગલકંઠે 'હજુ રસભર રાત તો બાકી રહી ગઈ' (અવિનાશ વ્યાસ/ગૌરાંગ વ્યાસ)ની દ્વિગુણિત મીઠપ માણવાની.

આ લખનારને આ યુગલના સ્નેહાળ સાન્નિધ્યનો ભરપૂર લહાવો મળ્યો છે. ભાવકો પર એમના કંઠમાધુર્ય અને એમની રજૂઆતની પ્રભાવક અસરના સાક્ષી થવા મળ્યું છે. કાર્યક્રમ પૂર્વે અને પછીના સમયમાં એમની સરળતા અને વિચારસમૃદ્ધિનોય પરિચય થયો છે. એમના વાચન-ચિંતનની ઊંડાઈનો આનંદ માણ્યો છે. તો નરી હળવાશ

સાથે ય સમયને આનંદ્યો છે.

સૌમિલ-શ્યામલ સંગાથે અમારા મંચપ્રવેશ કાર્યક્રમ 'મોરપીચ્છ'ની રજૂઆત વખતે મુક્તકંઠે જો કોઈની દાદ સંભળાઈ હતી તો એ હતી જનુભાઈની અને આજે ય એમની એ પ્રામાણિકતા અકબંધ છે. નવા કલાકારની કોઈક વાત ગમી જાય તો જનુભાઈ દાદ દેવામાં દિલચોરી ન કરે. એક હાથ ફરકાવીને દાદ દેવાની કે તર્જનીની મદદથી 'યે બાત' સ્પષ્ટ કરવાની એમની અદા જાણીતી છે. રંગભુવનમાં ગમે તે ખૂણે બેસી જવાની સરળતા સાથે મોકળા મને બિરદાવવાની એમની શૈલીએ એમને 'અજાતશત્રુ' સિદ્ધ કર્યા છે. એમણે પણ આ ક્ષેત્રમાં સ્પર્ધાનો અનુભવ કર્યો છે. એમણે રાગ-દ્વેષને ઓળખ્યા છે. પરંતુ સઘળાને અતિક્રમી જઈને પ્રતિભાને બિરદાવતાં રહ્યાં છે.

આ દંપતીની કલાયાત્રા સંઘર્ષમય રહી છે. પરિવારના નિયમો અને નિયમનો વચ્ચે રહીને એક ગૃહસ્થ અને ગૃહિણીએ પોતાના આ શોખને જાળવ્યો છે. સંગીતને જ જીવનની એકમાત્ર પ્રવૃત્તિ ન કરી શકવા છતાં એમણે પોતાના જીવનના આનંદને આ કલાપ્રવૃત્તિની જ ભેટ ગણ્યો છે. સંતુલન જાળવીને આ કલા-સાધના જીવંત રાખી છે. પણ આ ક્ષેત્રને વ્યાવસાયિક ન બનાવતાં, નિજાનંદનું ક્ષેત્ર બનાવનાર યુગલ એમાં સફળતા અને લોકપ્રિયતા પણ સિદ્ધ કરી શક્યું છે એ નોંધવું જોઈએ. એમણે સ્પર્ધામાં ન રહીને બહુ સરળતાથી પોતાની રજૂઆતનું ક્ષેત્ર જ બદલી નાખ્યું. એમણે ભક્તિસંગીત ક્ષેત્રે પોતાની સ્વરસાધનાને સુપેરે વાળી દીધી છે. આ યુગલના જન્મજાત સંસ્કાર, એમનું ઘડતર, વાચન-મનન, અધ્યાત્મ તરફની રુચિએ એમને આ દિશા સૂચવી. આમ પણ, 'સ્વરથી ઈશ્વર' તરફની ગતિ જ કોઈ



એક લાલ દરવાજે તંબુ તાણિયા રે લોલ... હર્ષદાબહેનનો કંઠ ઘરે ઘરે ગૂંજી ઊઠ્યો

પણ કલા-ક્ષેત્રનું, કલાકારનું સર્વોચ્ચ લક્ષ્ય હોય છે. હર્ષદાબહેન અને જનુભાઈએ એક જ પંથના સહયાત્રી છે. હાથમાં કરતાલ સાથે હરિનામ સંકીર્તનમાં લીન થવું એ કક્ષા સહજ સાધ્ય નથી. એમાં 'સહજ' હોવું અનિવાર્યતા છે અને 'સિદ્ધ' થવું એ સાધના છે. તપ છે. આ માર્ગ વ્યક્તિગત સંસ્કારની દેન છે. અહીં દંભ નથી, દર્શન છે. સાક્ષાત્કારની તડપ છે, તરસ છે. ને એ માટે પોતાને લીધેલા સ્વર માર્ગ પરની શ્રદ્ધા છે. એમણે જ કહ્યું છે કે 'નાદાનુસંધાન દ્વારા ઈશ્વરાનુસંધાન ઉપલબ્ધ બને છે. સંગીતના સૂરો અને નાદબ્રહ્મમાં જીવન ભુલાઈ જાય છે, ઈશ્વરમય થવાય છે. પરમાનંદની અનુભૂતિ થાય છે.'


સાદગીપૂર્ણ જનુભાઈ અને સાડીની પસંદગીથી માંડીને એને પહેરવાની શૈલીમાં પ્રભાવક પ્રતિભા ઊભી કરતાં હર્ષદાબહેનનું યુગ્મ પોતાની જીવનયાત્રાથી સંતુષ્ટ છે. મેળવી લેવાના ઉધામા નથી, રહી જવાનો ચચરાટ નથી, જે છે તેનો આનંદ છે, જે છે તેમાં પ્રસન્ન છે. ગીતનો ગુલાલી રંગ, ગઝલનો ગુલાબી રંગ હવે ગાઢ બનીને ભજનનો ગેરુઓ રંગ બની રહ્યો છે.

પ્રતિકૂળતાઓને અનુકૂળતામાં ફેરવવી એ તેમની સંગીત સફરનો મોટો પડકાર રહ્યો છે એવું આ દંપતીને તેમ છતાં 'જો અને તો' માં વાત નથી કરતું. સારું સાંભળવું, વાંચવું અને ગમે, તે જ ગાવું એમાં પ્રસન્ન આ યુગલ! હર્ષદાબહેને તો એમનો વર્ષો જૂનો ચિત્રકલાનો શોખ પણ હમણાં તાજો કર્યો છે. માટીના પાત્રોને સુંદર રંગોમાં સુશોભનની ચીજમાં પરિવર્તિત કર્યાં છે.

અમદાવાદ મહાનગરપાલિકાએ હર્ષદાબહેન-જનુભાઈને એમની સંગીતસેવા બદલ 'નાગરિક સન્માન' પ્રદાન કરી નગરના સંસ્કારજીવન પરના એમના સ્વરાક્ષર બદલ ઋણસ્વીકાર કર્યો છે. તો તાજેતરમાં જ 'સિને ઐશ્વર્ય'(૨૦૧૧) વડે આ યુગલની સંગીતસેવાને 'દિલીપ ધોળકિયા લાઈફટાઈમ અચીવમેન્ટ ઍવોર્ડ' દ્વારા સન્માનવામાં આવી છે. પૂ. મોરારિબાપુએ આ વર્ષનો 'અવિનાશ વ્યાસ સુગમસંગીત ઍવોર્ડ' એમને પ્રદાન કરીને અનેક કલાપ્રેમી ભાવકોની હૃદયભાવનાનો જ પડઘો પાડ્યો છે.

'સ્વરસેતુ' પરિવાર આ પ્રસંગે હર્ષદાબહેન અને જનાર્દનભાઈને સાદર વંદન કરે છે. અભિનંદન પાઠવે છે. □

# કેવા રે મળેલા મનનાં મેળ...




સૂર પછી 'સ્વરસેતુ' સાથે સંવાદ




વાચન-ચિંતનની ઊંડાઈનો આનંદ



એક જ પંથના સહયાત્રી...



ચિત્રકલા શોખને પણ જીવંત રાખ્યો છે



પિયુ મારો લીલો લજામણીનો છોડ...



શોખ-સત્સંગ અને સંગીત... બસ એ જ જીવન

તસવીરોઃ મિતેષ ભાવસાર

ગુજરાતી સુગમસંગીત ક્ષેત્રે પોતાના અવાજથી અનોખી ઓળખ બનાવનાર ગાર્ગી વોરાને તાજેતરમાં મોરારિબાપુના હસ્તે 'કવિ રાવજી પટેલ યુવા સંગીત પ્રતિભા ઍવોર્ડ' એનાયત થયો. ગુજરાતી સુગમસંગીત ક્ષેત્રે ગાર્ગી વોરા હજુ ઘણું-ઘણું અને નવું-નવું કરવા માંગે છે. 'સ્વરસેતુ'ના મંચ પરથી ગાર્ગી વોરા સાથે ખાસ મુલાકાત કરાવે છે...:

દેવજ્ઞા જોષી




ગુજરાત સમાચાર અને સમન્વય કાવ્યસંગીત સમારોહમાં ગાયિકા ગાર્ગી વોરાને 'કવિ રાવજી પટેલ યુવા સંગીત પ્રતિભા ઍવોર્ડ' એનાયત કરતા મોરારિબાપુ

# દરેક સ્વરકારના નવ-નવ ગીતો લઈને એક આલબ્મ તૈયાર કરવું છેઃ ગાર્ગી વોરા

**કવિ રાવજી પટેલ યુવા સંગીત પ્રતિભા ઍવોર્ડ મળ્યો છે. ત્યારે કેવી લાગણી અનુભવી રહ્યાં છો?**

બહુ જ સારું લાગે છે. ગુજરાતી ગીતોમાં પણ આવી રીતે ઍવોર્ડ મળે છે. ખૂબ આનંદની લાગણી અનુભવું છું.

**આ પહેલાં કોઈ ઍવોર્ડ આપને મળેલા છે?**

ના, આ મારો પહેલો જ ઍવોર્ડ છે. જેથી કરીને તેનો મને વિશેષ આનંદ છે.

**તમે રાજકોટ વસો છો અને તેને જ પ્લેટફોર્મ બનાવી કાર્યક્રમ આપો છો? શું તમને ક્યારેય લાગે છે કે તમારે અમદાવાદ કે મુંબઈ વસવાટ કરવો જોઈએ?**

ના, મને એવું ક્યારેય નથી લાગ્યું કે કારકિર્દીમાં ખૂબ ઝડપથી આગળ આવવું હોય તો અમદાવાદ કે મુંબઈને પ્લેટફોર્મ બનાવવા જરૂરી છે. રાજકોટમાં રહીને પણ મને કાર્યક્રમો માટેના આમંત્રણો મળતાં રહે છે. અહીંથી ક્યાંય શિફ્ટ થવાનો ક્યારેય વિચાર પણ કર્યો નથી અને ભવિષ્યમાં પ્લાન પણ નથી.

**પિતા દિવાકર વોરાએ પણ લોકસાહિત્ય પર ઘણું કામ કર્યું છે પરંતુ તમારો ઝોક સુગમસંગીત પર વધારે રહ્યો છે.**

પપ્પાએ લોકસાહિત્યમાં ઘણું કામ કર્યું છે. પરંતુ હું વળી છું સુગમસંગીત તરફ. આમ થવા પાછળ કોઈ ખાસ કારણ નથી. પરંતુ મને સુગમસંગીતમાં વધારે રસ છે. લોકસાહિત્યને લગતું પણ પપ્પા શીખવે જ છે. તેમણે ક્યારેય મને કોઈ વસ્તુનો આગ્રહ નથી કર્યો. લોકસાહિત્યના અમુક ભજન ગીત કે દુહા-છંદ જેનાથી સારી તાલીમ મળે તે અમને શિખવાડે છે.

**મહિલા ગાયિકા તરીકે સોલો પરફોર્મન્સના ચાન્સ ઘણા ઓછા થઈ જતા હોય છે. આ બાબતે તમને કોઈ ફરિયાદ ખરી?**

જો કે, આ બાબતે હું ઘણી નસીબદાર છું. મને એકલીને પણ પરફોર્મ કરવાની તક મળે છે. ભરૂચ, સુરત, અમદાવાદ, વડોદરા, મુંબઈથી પણ મને એકલાં જ ગાવા માટે બોલાવવામાં આવે છે.

**આ મુકામ પર પહોંચાડવા માટે કયા-કયા પાસાઓ જવાબદાર છે?**

મુખ્ય તો મારાં માતા-પિતાની મારામાં શ્રદ્ધા હૂંફ ખૂબ છે. મારા ગુરુજી શ્રીમતી પિયુજી સરખેલ છે. તેમની પાસેથી ૧૩ વર્ષથી ક્લાસિકલ સંગીતની તાલીમ લઉં છું. જેને લીધે મારી ગાયકીમાં ઘણો જ ફેર પડ્યો છે. અમદાવાદમાં રાસબિહારી દેસાઈ, દિલીપ

ધોળકિયાનો પણ ખૂબ મોરલ સપોર્ટ મળ્યો છે. આ ઉપરાંત અવારનવાર મને સૌમિલ મુનશી, અમર ભટ્ટ, નયન પંચોલી, નયનેશ જાની કાર્યક્રમ માટે આમંત્રણ આપે છે. તેમની પાસેથી પણ મને ઘણું શીખવા મળ્યું છે. ૧૯૯૫થી શરૂ થયેલી મારી કારકિર્દી આજે આ બધાં કારણોસર સુંદર રીતે ચાલી રહી છે.

**સુગમસંગીત તરફ વળવાનું કઈ રીતે બન્યું?**

હું સ્કૂલમાં પાંચમા ધોરણમાં ભણતી હતી ત્યારે મને થયું કે આ ક્ષેત્રે હું કંઈક કરી શકું તેમ છું. સ્કૂલ દ્વારા પણ મને ખૂબ પ્રોત્સાહન મળતું હતું. ખાસ તો મને સાચી તાલીમ મળી રહે તે માટે પપ્પા-મમ્મીની પણ ઘણી મહેનત અને પ્રેરણા રહી છે.

**નવા કલાકારોને તમારી કોઈ શીખ**

મારા હિસાબે નવા કલાકારે ક્લાસિકલ શીખવું જોઈએ. એક ઘરાના કે ગુરુ હોવા જોઈએ. ભાઈઓએ ભાઈ પાસેથી અને બહેનોએ બહેન પાસેથી તાલીમ લેવી જોઈએ. આની પાછળનું કારણ એટલું જ કે, બહેનો અને ભાઈઓની વોઇસ ક્વોલિટીમાં આખો ચેન્જ હોય છે. સ્ટાઈલ જ ચેન્જ થઈ જાય છે. આથી ઘણો ફેર પડે. તેમાં સતત શીખતાં રહેવાથી વોઈસક્વોલિટીમાં ફેરફાર આવતો હોય છે. કલાકારને પોતાને આની ઘણીવાર ખબર ન પડે પણ ઑડિયન્સ આને માર્ક કરતું હોય છે. ઘણા લોકો કહે છે, તમને બે-ત્રણ મહિના પહેલાં સાંભળ્યા અને હમણાં સાંભળ્યા તેમાં ફેર છે. આ ફેર છે તે દેખાવો જોઈએ. આજે કંઈ પણ તમે ગાવ તેના ગીત સ્વરાંકનને સમજવા જરૂરી છે. જે તે કવિ-સ્વરકાર છે. તેનો સંપર્ક કરવો જોઈએ. તેનાથી ઘણું સારું થાય છે.

**ગુજરાતી સુગમ કે ગીત-સંગીતના પ્રોગ્રામમાં યંગસ્ટર્સને આકર્ષવા શું જરૂરી છે?**

મને એવું લાગે છે કે, જેમ હિન્દી ગીતોના રિંગટોન હોય છે. વીડિયો આલબમો બહાર પડતાં હોય છે. તેવા પ્રયોગો ગુજરાતી ગીત-સંગીત માટે પણ થવા જોઈએ. જેનાથી આપણે યંગસ્ટર્સને વધુ ને વધુ આકર્ષી શકીશું.

**યંગસ્ટર્સને આર્કષવા તમે શું કરવા માંગો છો?**

હું અત્યારે રાજકોટમાં ૧૪ વર્ષથી ઉપરના બહેનો માટે સુગમસંગીતના ક્લાસ શરૂ કર્યા છે. ૧૪ વર્ષથી નીચેનાં બાળકો હોય તેને માટે ક્લાસિકલ તાલીમ રાખી છે. આ ઉપરાંત બેઠક શરૂ કરી છે. જેમાં યંગ જનરેશનને આમંત્રણ આપી બોલાવવાના અને કહેવાનું કે તમે સાંભળો, જો ગમે તો શીખો અને ગાવ.

**સુગમસંગીતને લોકભોગ્ય બનાવવા કયા પ્રકારના પ્રયોગો થવા જોઈએ?**

સુગમસંગીતની પ્રવૃત્તિને વિસ્તારવા માટે અગાઉ કહ્યું તેમ રિંગટોન, વીડિયો આલબમ્સ થવાં જોઈએ. આ ઉપરાંત કમ્પોઝિશનમાં બહુ બદલાવ ન કરવો જોઈએ. કારણ કે, લોકોના કાન અમુક ફિક્સ કમ્પોઝિશનથી ટેવાયેલા હોય છે. મ્યુઝિક વાગે ત્યાં જ શ્રોતાને ખબર પડી જવી જોઈએ કે હવે આ ગીત આવશે. એટલે શ્રોતાની ટેવને ધ્યાનમાં રાખીને પણ સુગમસંગીતને વધુ લોકભોગ્ય બનાવી શકાય છે. સંસ્કૃતિ અને પરંપરાગત વસ્તુને તેના મૂળ ઢાળ સાથે જ જાળવવી જોઈએ.

**તમારા આખા પરિવારને શબ્દ અને સંગીત વરેલાં છે. કાકા- ભાસ્કર વોરા ઉત્તમ કવિતા-ગીત રચે છે તો, પપ્પા દિવાકરભાઈએ પણ લોકસાહિત્યમાં ઘણું કામ કર્યું છે. તો ક્યારેય પરિવારને સમર્પિત આલબમ્સ કે પ્રોગ્રામ કરવાનું વિચાર્યું છે?**

હા, મારે સીડી કરવાનો પ્લાન છે. આ ઉપરાંત મારે દરેક સ્વરકારના નવ-નવ ગીતોને લઈને એક સીડી કરવી છે. આ મારું સ્વપ્ન છે. ક્યારે પૂર્ણ થશે તેની ખબર નથી.

> મને એવું લાગે છે કે, જેમ હિન્દી ગીતોના રિંગટોન હોય છે. વીડિયો આલબમો બહાર પડતાં હોય છે. તેવા પ્રયોગો ગુજરાતી ગીત-સંગીત માટે પણ થવા જોઈએ. જેનાથી આપણે યંગસ્ટર્સને વધુને વધુ આકર્ષી શકીશું.

**કારકિર્દીમાં બનેલો યાદગાર પ્રસંગ.**

દર વર્ષે વડનગરમાં 'તાનારીરી' મહોત્સવ થાય છે. તેમાં મને ગાવા મળ્યું તે ઉપરાંત આ મહોત્સવમાં ગિરિજાદેવી પણ હતાં. તેમણે પણ મારી ગાયિકી વખાણી. આવડાં મોટા કલાકાર સમક્ષ ક્લાસિકલ ગાવા મળ્યું તેનો વિશેષ આનંદ હતો. આમ, ક્લાસિકલ પરફોર્મ કરવા માટે ખૂબ સારું સ્ટેજ મળ્યું.

**'સ્વરસેતુ'ની પ્રવૃત્તિ વિશે આપના વિચારો**

'સ્વરસેતુ'ની પ્રવૃત્તિ માં ઘણું બધું નવું-નવું હોય છે. લોકોને તેમાં ઘણી મજા આવે છે વધારે જાણવા મળે છે. નવા કલાકારોને પણ શ્યામલ-સૌમિલ મુનશી 'સ્વરસેતુ'ના માધ્યમથી તક આપે છે. સાથે કલાકારને નવું શીખવા પણ મળે છે. વધારે ને વધારે લોકો સુધી તે પહોંચે અને 'સ્વરસેતુ'ની પ્રવૃત્તિનો વ્યાપ ઉત્તરોત્તર વધે તેવી મારી શુભેચ્છા છે. ▫

# અહીં પાણીની અછત છે, પણ વાણીની ક્યારેય નહીં... :પ્રણવ પંડ્યા




ગુજરાત સમાચાર અને સમન્વય કાવ્યસંગીત સમારોહમાં કવિ પ્રણવ પંડ્યાને 'કવિ રાવજી પટેલ યુવા સાહિત્ય પ્રતિભા ઍવોર્ડ' એનાયત કરતા મોરારિબાપુ

કવિઓની રાજધાની અમરેલીના યુવા કવિ પ્રણવ પંડ્યાને તાજેતરમાં મોરારિબાપુના હસ્તે 'કવિ રાવજી પટેલ યુવા સાહિત્ય પ્રતિભા ઍવોર્ડ' એનાયત થયો. 'કવિતાથી વધુ કંઈ નહીં' નામનો પોતાનો પ્રથમ કાવ્યસંગ્રહ આપનાર તેમજ કલાપીના કાવ્યોનું સંકલન કરનાર પ્રણવ પંડ્યા હાલમાં અન્ય કવિઓ સાથે મળીને રમેશ પારેખના સમગ્ર કાવ્યસર્જન પર પુસ્તકના સંપાદનમાં વ્યસ્ત છે. 'સ્વરસેતુ'ના મંચ પરથી આ યુવા પ્રતિભાને નજીકથી ઓળખીએ...

–દેવજ્ઞા જોષી

**હાલમાં આપને 'રાવજી પટેલ યુવા પ્રતિભા ઍવોર્ડ' મળ્યો તો કેવી લાગણી અનુભવો છો?**

ઍવોર્ડ મળવાનો તો ઘણો આનંદ જ છે જ પરંતુ વિશેષ આનંદ તો બે–ત્રણ બાબતોનો છે. એક તો 'રાવજી પટેલ' જેવી કવિ પ્રતિભાના નામે આ ઍવોર્ડ છે. બીજું ગુજરાત સમાચાર કાવ્યસંગીત સમારોહ દ્વારા મળે છે. વળી, સજ્જ શ્રોતાઓની હાજરીમાં તથા જેમને હું ગુરુસ્થાને ગણું છું તેવા મોરારિબાપુના વરદ્હસ્તે આ ઍવોર્ડ મળ્યો છે. જેનો મને અધિક આનંદ છે.

**રમેશ પારેખ, અશરફ ડબાવાલા પણ અમરેલીના છે. અમરેલી એક કવિ નગરી છે।**

મારા પુસ્તકમાં પણ મેં ઉલ્લેખ કર્યો છે કે મારી કવિતા જો થોડીઘણી વિકસી હોય તો તેના મૂળમાં અમરેલીની ફળદ્રુપ માટી જ છે. રમેશ પારેખની છત્રછાયા નીચે ઘણુંબધું શીખ્યો છું. તેમની કવિતા સાંભળવાનું, વાંચવાનું અને સમજવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. વળી, અમરેલીના બીજા ઘણાબધા કવિમિત્રો સાથે સતત કવિતાને મમળાવવાના પ્રસંગો બને છે. મને વિકસાવવામાં મારાં ગામનો ફાળો અનન્ય છે. રઘુવીર ચૌધરી તો અમરેલીને 'કવિતાની રાજધાની' કહે છે અને એ રાજધાનીનો નાનકડો નાગરિક થવાનું મને સદ્ભાગ્ય સાંપડ્યું છે.

રમેશ પારેખ પહેલા પણ અમરેલી કવિઓનો જાજરમાન ઈતિહાસ ધરાવે છે. લાઠીના રાજવી કલાપી, કવિ કાંત,

મેઘાણીજી જેમનું શિક્ષણ અમરેલીમાં થયું હતું, ભોજા ભગત, દુલા ભાયા કાગ પણ અમરેલી જિલ્લાના જ હતા. એટલે આ પરંપરા તો પહેલેથી ચાલી આવે છે.

**આ માટે કારણભૂત શું છે ?**

અમરેલી ઔદ્યોગિક કે આર્થિક રીતે વ્યાવસાયિક અપ્રોચ ધરાવતી નથી. ઘણાં બધાં મને કહે છે કે અહીં પાણીની અછત છે. બે નદી છે પણ પાણી નથી. એ બે નદીમાંથી એકમાં રમેશ પારેખની કવિતા વહે છે જ્યારે બીજીમાં વસંત પરીખની વાણીનું પાણી વહે છે. ગુજરાતનાં અન્ય શહેરોની જેમ ફ્લાય ઓવર બનાવ, બહુમાળી ઇમારતો બનાવવી જેવો વિકાસ નહી પણ સાહિત્યનો સતત વિકાસ થયો છે.

**કવિતાનું પઠન થાય અને સ્વરાંકન પણ થતું હોય તો શું કવિ સાથે મંત્રણા થવી જોઇએ ?**

કવિતાનું સ્વરાંકન કરવું અને તેનું પઠન કરવું એ Performing Art નો વિષય છે. કવિ સ્વયં જ્યારે કવિતાની રચનામાંથી પસાર થયો હોય છે જ્યારે તે કવિતાપઠન કરશે ત્યારે એ જ ભાવ વધારે સુંદર રીતે ઊપસી આવે છે.

મારો એક ગમતો શેરઃ

**ખુશ્બુ કો ફૈલનેકા બહોત શૌક હે મગર**
**મુમકીન નહીં હવાઓ સે રીશ્તા કીયે બગર.**

મનોજ ખંડેરિયાએ ખૂબ સરસ કહ્યું છે કે 'કવિતાનો શબ્દ છે અને શબ્દનો વિકલ્પ નથી.' વિકલ્પ વગરના શબ્દોને રજૂઆતનો મંચ મળે તો વધારે સારી રીતે લોકો સુધી પહોંચે છે. છપાયેલી કવિતાનો ફાયદો પણ છે અને ગેરફાયદો પણ છે. ઘણી વાર બે પૂંઠા વચ્ચે જળવાયેલી કવિતા લોકો સુધી સંગીતના માધ્યમથી પહોંચે તો તેનો વ્યાપ ચોક્કસ વધી જાય છે.



> **શબ્દોને રજૂઆતનો મંચ મળે તો વધારે સારી રીતે લોકો સુધી પહોંચે છે. છપાયેલી કવિતાનો ફાયદો પણ છે અને ગેરફાયદો પણ છે. ઘણી વાર બે પૂંઠા વચ્ચે જળવાયેલી કવિતા લોકો સુધી સંગીતના માધ્યમથી પહોંચે તો તેનો વ્યાય ચોક્કસ વધી જાય છે.**

**આપનો ઝોક કોના તરફ વધુ રહે છે ગીત કે ગઝલ તરફ?**

મને તો બન્ને સ્વરૂપો ગમે છે. મારા કાવ્યસંગ્રહ 'કવિતાથી વધુ કંઈ નહીં'માં ૫૫ ગઝલો છે, ૨૦ ગીત છે અને માત્ર ૫ અછાંદસ કાવ્ય છે. ટૂંકમાં છંદોબદ્ધ રચના વધુ ફાવે છે. ગઝલ સર્જન વધારે લયબદ્ધ છે તેથી તે ફાવે છે જ્યારે ગીતસર્જન પણ ગમતું Form છે. મારાથી વધારે સર્જન ગઝલમાં થયું છે.

**યુવાનોમાં ગઝલ રચના વધારે લોકપ્રિય થતી હોય છે તેનું કારણ?**

ગઝલ એ દેખીતી રીતે સરળ લાગતું સ્વરૂપ છે પણ એની અંદર જે ઊંડાણ રહેલું છે તેમાં ઘણીબધી શક્યતાઓ રહેલી હોય છે. કેટલીક વાર તેનું સ્વરૂપ છેતરામણું પણ લાગે છે. ઘણુંબધું કામ છંદથી જ થતું હોય છે. ગઝલ લખવી સહેલી છે પણ સારી ગઝલ લખવી એટલી જ અઘરી છે. એક નાનકડા પથ્થર પર કોતરણી કરવા જેટલી અઘરી છે.

**હિન્દી ફિલ્મોમાં કવિઓને On the spot લખવાનું કહેવામાં આવે છે. આપ આવું જોખમ લો ખરા?**

તાત્કાલિક લખવું તેમાં લાભ અને નુકસાન બંને છે. ઘણી વાર પડકાર કંઈક સારું પણ કરાવી નાંખે છે. હું વાત કરું તો ઈ.સ ૧૯૯૫, ૯૬' અને ૯૭' દરમિયાન મેં યુવક મહોત્સવમાં ભાગ લઈ ત્રણેય વર્ષ દરમિયાન કાવ્યલેખન અને ગઝલ-શાયરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સ્પર્ધામાં ૪૫ મિનિટમાં અમુક વિષય પર કવિતા લખવાની હોય એટલે આ કંઈ રેસીપી નથી કે લખાય જાય. આમ છતાં દબાણ કે પડકાર આવે ત્યારે અણધારી સુંદર રચના પણ નીપજે છે. સ્પર્ધામાં ડાંગના 'આહવા'માં મેં 'વસંત'

ગઝલ લખી હતી જે સાહિત્ય પરિષદના 'પરબ'માં છપાઈ અને 'પરબ'ના જ શ્રેષ્ઠ કાવ્યોના સંકલનમાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો.

સમાધાન કરવા પડે પણ ગુણવત્તા જળવાવી જોઈએ. આ સંદર્ભે મુકુલ ચોક્સીએ યથાર્થ કહ્યું છે. 'ગઝલ લખાય તો સાવ અમથી અમથી લખાય, નહીં તો કશાયથી લખાતી નથી.'

આ સંદર્ભે રમેશ પારેખનો ઉલ્લેખ કરવો ઘટે છે. તેમનો સંગ્રહ 'છ અક્ષરનું નામ'માં એક-બે કવિતા એવી છે કે જે તારીખો ટાંકી છે તેમની વચ્ચે બે-ચાર વર્ષનો સમયગાળો હોય. આ સમય વચ્ચે તેમણે કવિતાના વિચારને તપવા દીધો છે. જ્યાં સુધી જે ચોક્કસ વ્યક્ત કરવું છે, તે ના આવ્યું ત્યાં સુધી તેમણે આ પ્રક્રિયા લંબાવી હતી.

**આપની અન્ય પ્રવૃત્તિ?**

લાઠીમાં કલાપીતીર્થની અમે સ્થાપના કરી છે. અમે કલાપીને અંજલિ આપતાં કાવ્યો 'ને સાંભળે કલાપી.' નું સંકલન કર્યું છે.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા રમેશ પારેખના સમગ્ર કાવ્યસર્જન પર એક પુસ્તકનું સંપાદન મેં, સંજૂવાળા અને અરવિંદ ભટ્ટે કર્યું છે. ટૂંક સમયમાં એ પ્રગટ પણ થશે.

**કવિની રચનાઓને વધારે લોકો સુધી પહોંચાડવા શું કરવું જોઈએ?**

મારા ખ્યાલથી પુસ્તકોનું માત્ર એક જ જગ્યાએ વિમોચન કરવાને બદલે અલગ-અલગ રીતે જુદી-જુદી જગ્યાએ થવું જોઈએ. જ્યાં જ્યાં ગુજરાતી પ્રજા, ભાષા છે ત્યાં ત્યાં પહોંચવું જોઈએ. કવિ ત્યાં જઈ કાવ્યપઠન કરે તો કવિ અને ભાવક પ્રત્યક્ષ સંપર્કમાં આવે છે. રાજેન્દ્ર શુક્લે પણ આ પ્રયોગ કર્યો હતો અને જેને ઘણાં પ્રતિભાવ પણ સાંપડ્યો હતો.

મારું માનવું છે તે સારી અને સાચી વસ્તુ તેના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવી જ જોઈએ.

**'સ્વરસેતુ' વિશે આપના વિચારો.**

'સ્વરસેતુ'ના કાર્યક્રમો વર્ષોથી સાંભળું છું. નૂતન પ્રવૃત્તિ વડે ભાવકોના મનમાં સતત વસે છે. વિવિધ વિષયવસ્તુ પર આધારિત જે કક્ષાના સુંદર કાર્યક્રમો થાય છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.


'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' પણ સાહિત્ય કલા અને સંગીતને લગતું ગુણવત્તાસભર કામ કરે છે. એક ભાવક તરીકે મને હંમેશાં આકર્ષે છે.



# ... આ સ્પર્ધા હજુ બીજાં ૨૫ વર્ષ ચાલશેઃ શશિકાન્ત નાણાવટી

ગુજરાત સમાચાર ટ્રસ્ટ તથા INT (મુંબઈ) દ્વારા અમદાવાદમાં દર વર્ષે યોજાતી 'અખિલ ગુજરાત આંતર કૉલેજ એકાંકી સ્પર્ધા'ને આ વર્ષે ૨૫ વર્ષ પૂરાં થયાં. કોઈ એક સ્પર્ધા સફળતાપૂર્વક ૨૫-૨૫ વર્ષોથી ચાલતી રહે એ કઈ નાનીસૂની વાત નથી. સ્પર્ધાના પ્રારંભ એટલે કે ૧૯૮૮થી આ સ્પર્ધાના વ્યવસ્થાપક તથા સંયોજક તરીકે સેવા આપનાર પાયાના માણસ શશિકાંત નાણાવટીનો ફાળો પણ નાનોસૂનો નથી... સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે સતત સંકળાયેલા અને પત્રકારત્વના માધ્યમથી લોકોનો પ્રેમ જીતનારા શશિકાંતભાઈ આજે ૮૮ વર્ષની વયે ઊભા છે. 'સ્વરસેતુ'એ તેમને રૂબરૂ મળી અને નાટ્ય સ્પર્ધાને ટોચના મુકામ પર પહોંચાડવાના પ્રયાસોને જાણ્યા...

-દેવજ્ઞા જોષી



**ગુજરાત સમાચાર ટ્રસ્ટ તથા INT (મુંબઈ) યોજિત અખિલ ગુજરાતી આંતર કૉલેજ એકાંકી સ્પર્ધાને ૨૦૧૩માં ૨૫ વર્ષ પૂરાં થયાં.**

હા, આ વાત ઘણી આનંદની છે. આટલા લાંબા સમય સુધી કોઈ એક સ્પર્ધા એ પણ એકાંકી નાટ્યસ્પર્ધા ચલાવવી કઠિન જ નહીં અશક્ય કામ છે. હજુ પણ બીજાં ૨૫ વર્ષ સુધી આ સ્પર્ધા ચાલશે અને ઘણી પ્રતિભાઓ બહાર આવશે. જો કે આ સ્પર્ધાનાં છેલ્લા વર્ષથી સ્વાસ્થ્યના કારણે હું સક્રિય રહી શકું તેમ નથી. પણ મને પૂરે પૂરી શ્રદ્ધા છે કે, શ્રેયાંસભાઈની અખૂટ પ્રેરણા તથા અવિરત પ્રોત્સાહન આ સ્પર્ધાને બીજાં ઘણાં વર્ષો સુધી વેગવંતી રાખશે જ.

**આ સ્પર્ધાને શરૂ કરવામાં તમારો ફાળો પણ પાયાનો છે. આખો પ્રોજેક્ટ કઈ રીતે શરૂ થયો.**

આ એકાંકી સ્પર્ધા શરૂ થવાની વાત ઘણી રસપ્રદ છે. INTના દામુભાઈ ઝવેરી, ગુજરાત સમાચારના શ્રેયાંસ શાહ અને નાટ્યકર્મી સુરેશ રાજડા મુંબઈમાં એક પાર્ટીમાં ભેગા થયા હતા. આ વર્ષે ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાતી નાટ્યસ્પર્ધાઓ બંધ થઈ હતી એટલે યુવકોની પ્રતિભા વિષે ચિંતા કરતાં દામુભાઈએ કહ્યું એવી કોઈ નાટ્યસ્પર્ધા દર વર્ષે થવી જોઈએ જેથી નવી-નવી પ્રતિભાઓ અને નવાં-નવાં નાટકો સતત મળતાં રહે. શ્રેયાંસભાઈને દામુભાઈની આ વાત ગમી ગઈ અને બન્ને સંસ્થાઓએ સંયુક્ત રીતે

અખિલ ગુજરાતના ધોરણે એકાંકી સ્પર્ધા યોજવા નિર્ધાર કર્યો. અમદાવાદ આવીને શ્રેયાંસભાઈએ મને કહ્યું કે, 'આપણે એક રાજ્ય લેવલની એક એકાંકી નાટ્ય સ્પર્ધાનું દર વર્ષે આયોજન કરવું છે. જેમાં INT (મુંબઈ) જોડાશે. પરંતુ આ સ્પર્ધા કેવી હશે? તેનું ફોર્મેટ શશિકાન્તભાઈ તમારે બનાવવાનું છે.'

શ્રેયાંસભાઈની આ વાતને મેં તરત જ ઉપાડી લઈ એક ફોર્મેટ તૈયાર કર્યું અને પછી તે પાસ થયા પછી એ જ ફોર્મેટમાં આ નાટ્ય સ્પર્ધા છેલ્લાં ૨૫ વર્ષથી અવિરત ચાલે છે.

**આ સ્પર્ધાના લીધે કલાજગતને ઘણા શ્રેષ્ઠ કલાકારો પણ સાંપડ્યા**

હા, જરૂર અભિજાત જોષી, સૌમ્ય જોષી, આશિષ ઠાકર, રફીક પઠાણ, અર્ચન ત્રવેદી, કમલ જોષી, દિશા અને મયૂર વાંકાણી, પીન્કી પરીખ, ઈકબાલ મુનશી, શૈલેષ પ્રજાપતિ, અભિષેક શાહ, પ્રો. કાર્તિકેય ભટ્ટ, વિરલ રાચ્છ વગેરે ઘણા બધાં લોકોએ આ સ્પર્ધામાં સાતત્ય પૂર્વક ભાગ લઈ ઈનામો જીત્યાં અને આગળ પણ આવ્યાં જેનું અમને ગર્વ અને ગૌરવ છે.

**સ્પર્ધા આટલો વખત સતત સફળ રીતે ચાલવા પાછળ કેટલાંક માપદંડો પણ હશે.**

હા, અમે પહેલેથી જ સ્પર્ધાનો નિર્ણય નિર્ણાયકોની ઈચ્છા પર જ છોડ્યો છે. ક્યારેક કોઈ નિર્ણાયક સાથે નિર્ણય સંબંધે વાતચીત નથી કરતાં. નિર્ણાયકોને તેના સ્વતંત્ર નિર્ણય માટે સંપૂર્ણ મુક્તિ આપી છે. જેમાં અમારો કોઈ હસ્તક્ષેપ નથી. ગર્વની વાત એ છે તે ૨૫ વર્ષોમાં ક્યારેય પણ કોઈ નિર્ણય બાબતે વિવાદ સર્જાયો નથી. સ્પર્ધકોએ નિર્ણયોને દિલથી સ્વીકાર્યા છે. આ ઉપરાંત ગુજરાત સમાચાર ટ્રસ્ટ અને INT વચ્ચે પણ સંબંધો ઘણા સુમેળભર્યા રહ્યા છે, જે પણ આ સ્પર્ધાને આટલી લાંબી અને માપદંડો સાથે સફળતાપૂર્વક ચલાવવા માટે કારણભૂત છે.

**એકાંકી નાટ્ય સ્પર્ધાની શરૂઆત અને ૨૫ વર્ષ પૂરાં થયા એ બે વચ્ચેના સમય વિશે શું કહેવા માંગો છો?**

સ્પર્ધા જ્યારે શરૂ કરી (૧૯૮૮માં) ત્યારે એવો જ ખયાલ હતો કે આમાં અમદાવાદની કૉલેજના વિદ્યાર્થીઓ જ ભાગ લેશે. પરંતુ જેમ-જેમ સ્પર્ધાનાં વર્ષો આગળ વધતાં ગયા તેમ-તેમ ગુજરાતભરની કૉલેજોમાંથી ઘણી




ગુજરાત સમાચાર ટ્રસ્ટ અને INT આયોજિત ૨૫મો અખિલ ગુજરાત આંતરકૉલેજ એકાંકી સ્પર્ધામાં એસ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્મસના એકાંકી 'તું લડજે અનામિકા'ને શ્રેષ્ઠ એકાંકીનું ઈનામ જાણીતા અભિનેતા દિલીપ જોષીનાં હસ્તે એનાયત કરાયું હતું.


કૉલેજો તેમાં ભાગ લેવા આવવા લાગી. એટલું જ નહીં પણ ગુજરાતના ખૂણે-ખૂણે અને નાના-નાના કસબામાંથી પણ એન્ટ્રી આવવા લાગી. તમને હું નામ ગણાવું તો સંતરામપુર, તલોદ, ઈડર, ખેડબ્રહ્મા, અંકલેશ્વર, સાદરા, પાટણ, મહેસાણા, જૂનાગઢ, પાલનપુર, કરમસદ, સુરત, અમદાવાદ વગેરે. આ ઉપરાંત ઘણા નાના સેન્ટરોની કૃતિ પાછા ઈનામ પણ લઈ જાય ત્યારે વધારે આનંદ થાય. તલોદની કૉલેજે સળંગ ત્રણ વર્ષ શ્રેષ્ઠ એકાંકીનાં ઈનામ જીત્યાં હતાં.

**એકાંકી નાટ્ય સ્પર્ધામાં વિજેતા બન્યા પછી પુરસ્કાર ઉપરાંત બીજું કોઈ પ્રોત્સાહન ખરું!**

હા, પુરસ્કાર ઉપરાંત પ્રોત્સાહન જરૂરી છે. દર વર્ષે જે નાટક વિજેતા બને છે તેના ગુજરાત સંગીત નાટક અકાદમીના સહકારથી ગાંધીનગરમાં શો પણ ગોઠવાય છે. જેમાં નાટકને શો દીઠ પૈસા પણ મળે છે... એક પ્રયોગની દિશામાં પણ આગળ વધે છે. આ ઉપરાંત છેલ્લાં ૪ વર્ષથી નટરાણી પણ આર્થિક સહકાર આપે છે અને એકાંકીઓને પ્રોત્સાહિત કરે છે.

**શશિકાન્તભાઈ એકસમયે ગુજરાત સમાચારમાં તમારી 'રંગમ' નામની કૉલમ આવતી જેમાં તમે નાટક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિના રિવ્યૂ કરતાં હતાં. આજે એક કોલમિસ્ટ કે ક્રિટિક તરીકે નાટકનો કેવો દોર ચાલે છે?**

એ વખતે પૈસાને માટે કોઈ કામ નહોતું કરતું. નાટકમાં કામ કરવાનું અંદરથી પેશન હતું. ટિકિટ પણ બહુ મામૂલી રહેતી. કલાકારોએ પણ કંઈ પેમેન્ટ કરવાનું હોય નહીં. આ ઉપરાંત સાહિત્યકૃતિમાંથી શ્રેષ્ઠ નાટકો રજૂ થતાં હતાં જેને માણવા પણ ગમતાં.



- થિયેટર સાથે આમ મારે ખાસ સંબંધ નથી પરંતુ ગુજરાતી થિયેટર માટે મારાથી જે કંઈ બની શકે તે પ્રયત્નોથી તેને ઊંચું લાવવું છે.
  – શ્રેયાંસ શાહ, તંત્રીશ્રી ગુજરાત સમાચાર
- થિયેટર રાષ્ટ્ર માટે મહત્વનું છે અને સમાજ માટે પણ ખૂબ જ મહત્વનું છે. થિયેટરના લોકો સમાજમાં ઉદ્‌ભવતા પ્રશ્નોનો પડઘો પાડે છે અને જાગૃતિ લાવે છે.-
  શંભુમિત્ર, બંગાળના વિખ્યાત નાટ્યકર
- ઈનામ મળે કે ન મળે નાટકમાં રચ્યા પચ્યા રહેશો તો કંઈક પામશો.
  - પરેશ રાવલ, જાણીતા અભિનેતા
- સિનીયર કલાકારોને કહીશ. જાગો નવી પેઢી જોશથી આવી રહી છે. આ સ્પર્ધામાં હું પ્રેક્ષક તરીકે આવી હતી પરંતુ ફેન બનીને જાઉં છું. ગુજરાત સમાચાર પ્રોડ્‌કશન કરે અને આશિષ ઠાકર ડિરેક્ટ કરે તો હું પણ નાટકોમાં ફરી ભાગ લેવા તૈયાર છું.
  - સ્મૃતિ ઈરાની, રાજ્યસભાના સાંસદ અને અભિનેત્રી

પરંતુ આજે નાટક અને રંગભૂમિ વ્યવસાય બની ગયો છે. શો વેચાય છે. ટિકિટોના ભાવ પણ ઘણા વધારે છે. કલાકારો, ટેકનિશિયન બધાંને પૈસા મળે છે. તેમ છતાં નાટકોમાં ક્વૉલિટી જોવા મળતી નથી. આજનાં નાટકો મોટાભાગે મનોરંજક, કોમેડી, ચીલાચાલુ લાગે છે. તેમ છતાં રંગભૂમિને કેટલાંક શ્રેષ્ઠ નાટકો પણ મળ્યાં છે. જેમાં 'વેલકમ જિંદગી', '૧૦૨ નોટ આઉટ', 'ચાણક્ય', 'ક્રિષ્ન V/S કનૈયા' (જેના પરથી 'ઓહ માય ગોડ' ફિલ્મ બન્યું) 'ગાંધી વિરુદ્ધ ગાંધી' વગેરેને ગણાવી શકાય.

એક સમયે જેના નામ પર નાટકની ટિકિટો વેચાઈ જતી તેવા પ્રવીણ જોષીના અવસાન પછી રંગભૂમિનો ટ્રેક કૉમર્શિયલ પ્લોટ પર વધારે ફોકસ થયો. જેને લીધે આપણે શ્રેષ્ઠ નાટકો સતત જોવા મળતાં નથી.

**'સ્વરસેતુ' વિશે આપના વિચારો**

'સ્વરસેતુ'ની કલાક્ષેત્રે ખૂબ સારું કામ કરતી સંસ્થા છે. 'સ્વરસેતુ'ના સ્થાપક શ્યામલ-સૌમિલ મુનશીને હું છેક 'ઝગમગ મંડળ'થી ઓળખું છું. ત્યારે તેઓ સાવ કિશોર વયના હતા. તેમના કાર્યક્રમોના વખાણ પણ મેં ઘણા સાંભળ્યા છે. હવે તો તેઓએ મુંબઈ સુધી પોતાની પ્રવૃત્તિ વિસ્તારી છે.

ગુજરાતી ગીત-સંગીતમાં એક સમયે રાસબિહારી દેસાઈ-જનાર્દન-હર્ષદા રાવલ ટોચ પર હતાં. અત્યારે શ્યામલ-સૌમિલ ટોચ પર છે. તેઓ ટોચ પર ટકશે. તેનું કારણ તેની પાસે ગુજરાતી ગીત-સંગીતના નવા-નવા પ્રયોગો છે. લોકોને કંઈક નવું આપવા માંગે છે.



રાજેશ વ્યાસ
'મિસ્કીન'

# ઠોકર જ્યારે દૃષ્ટિ બદલે ત્યારે...



આંખ પણ ચશ્માંસમી લાગે હવે,
કોણ આ છુટ્ટું પડી જાગે હવે?

ઠોકરો દર્શન બની– દૃષ્ટિ બની,
વ્યર્થ ચારેકોર શું ભાગે હવે.

જે મળી જાતું સવાયું થઈ જતું,
મન બધું સમજીને ના માગે હવે.

ક્યાંક ભૂલી દૂર થોડો નીકળું,
થઈ ટકોરા શ્વાસ સૌ વાગે હવે.

રામરોટી ને ધરમશાળા બધે,
આપનો મિસ્કીન શું ત્યાગે હવે.

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

ગઝલ જે છંદમાં લખાય છે એ છંદને જમીન કહે છે. ગઝલનો પ્રત્યેક શેર બે પંક્તિનો હોય છે. એ બે પંક્તિઓને મિસરા કહે છે. મિસરાનો અર્થ થાય છે કમાડ. કમાડ ખોલીએ એટલે બહારનું આકાશ કે ભીતરનું ઘર દેખાય. આકાશ જેટલા અસીમ અર્થો અને ઘર જેટલા અંગત અર્થો ગઝલના પ્રત્યેક શેરમાં પ્રગટતા હોય છે. ગઝલના શેર ઉંબરા જેવા છે. ઘર અને આકાશને જોડતો ઉંબરો એટલે ગઝલ અને તેના શેર. બે પંક્તિમાં વર્ણનોને અવકાશ નથી હોતો. ક્યારેક ચિત્રો અને મોટાભાગે સીધી સોંસરી વાત શેર બની જતી હોય છે. મનોજ ખંડેરિયાનો શેર યાદ આવે છે.

**હતું દશ્ય આ ટ્રેન ઊપડ્યા પછીનું,**
**ઘણે દૂર જાતાં બે પાટા અને હું.**

આ શેરમાં ચિત્ર પણ છે અને સીધી સોંસરી વાત પણ છે. ગઝલના ભાવવિશ્વમાં અને સંવેદનવિશ્વમાં જેમ જેમ ઊંડે જતાં જઇએ છીએ તેમ તેમ એ શેર અને ગઝલનું આંતરિક સૌંદર્ય પમાતું જાય છે, ઊઘડતું જાય છે.

આ ગઝલના થોડાક શેરની વાત કરું તો... આંખ હવે ચશ્માં જેવી બની ગઈ છે. કેટકેટલા રંગના બજારમાં ગૉગલ્સ મળતાં હોય છે? આપણી ભીતરની ઇન્દ્રિયો બધી જ ઇન્દ્રિયો સ્વાદ, ગંધ, વાસના... આંખના ગૉગલ્સને એમના રંગે રંગી નાખે છે અને આંખ પ્રત્યેક પળે આંખના જુદા જુદા ગૉગલ્સ બનીને બહારના જગતને જોયા કરે છે. મન ચારેતરફ જે જોવું હોય છે, જેવું જોવું હોય છે એવા રંગના ગૉગલ્સ આ આંખોને બનાવી દે છે. સદ્ગુરુની કૃપાએ આંખ પણ ચશ્માં છે એની ખબર પડે છે. ચશ્માં, ગૉગલ્સ એક બાજુ મૂકી શકાય. ઇન્દ્રિયો વગરની બાળક જેવી દૃષ્ટિથી ભક્તિ જોતાં શિખવાડે છે. શું દેખાય છે એ મહત્ત્વનું નથી.

> **આપણી ભીતરની ઈન્દ્રિયો બધી જ ઈન્દ્રિયો સ્વાદ, ગંધ, વાસના... આંખના ગૉગલ્સને એમના રંગે રંગી નાખે છે અને આંખ પ્રત્યેક પળે આંખના જુદા જુદા ગૉગલ્સ બનીને બહારના જગતને જોયા કરે છે. મન ચારેતરફ જે જોવું હોય છે, જેવું જોવું હોય છે એવા રંગના ગૉગલ્સ આ આંખોને બનાવી દે છે.**

કોણ જોઈ રહ્યું છે એ મહત્ત્વનું છે. આંખ ચશ્માં જેવી લાગવી એ મારે મન એક ખૂબ મોટી ઘટના છે. આપણી આંખ જે જોતી હોય છે એમાં મન એનું બધું ઉમેરતું રહે છે. આપણું મન બધું આરોપણ કર્યા કરે છે. આ બધાથી મુક્ત થઈને આંખને ચશ્માં જેવી અનુભવવી એ એક અદ્ભુત ઘટના હતી. મારી ગઝલોમાં હવે આ રીતે ઊંડા ઊતરી શકાય એમ લાગે છે. આપણે ઠોકરો તો ખાતા રહીએ છીએ. જિંદગીમાં ઠોકર વાગે છે ત્યારે દુઃખ પણ લાગે છે. પણ એ દુઃખ આપણું જીવનદર્શન નથી બનતું. આપણું મન ઊઠી જાય છે. પણ ચોક્કસ વ્યક્તિ કે ચોક્કસ વસ્તુમાંથી મન ઊઠી જાય છે. જ્યારે તમારી ઠોકર તમારું જીવન-દર્શન બની જાય ત્યારે જીવનનો એ અનુભવ વ્યર્થ નથી રહેતો, સાર્થક બની જાય છે. જે ભીતરથી જાગી ગયો છે એ દરિયાના એક ટીપાને ચાખી લે અને કહી દે છે કે આખો દરિયો ખારો છે. મીરાંબાઇએ આ જ સંદર્ભમાં ગાયું છે કે,

**ગોવિંદો પ્રાણ અમારો રે**
**મન જગ લાગ્યો ખારો રે.**

ભગવાન બુદ્ધ એક સ્ત્રીથી ઉબાઈ ગયા અને સંસાર છોડી દીધો. એક મહેલમાં રહી લીધું અને બધા મહેલમાં રહેવાનો અર્થ તેમને સમજાઈ ગયો. જાગી જનાર પુરુષમાં આટલો ફેર પડે છે. એનું દુઃખ એનું જીવનદર્શન બની જાય છે. આપણે બધા એક સ્ત્રીથી ઉબાઈ જઇએ છીએ પણ બીજી સ્ત્રીમાં તો રસ ટકેલો રહે છે જ. એક સપનું તૂટી ગયું તો બીજાં સપનાં જોવા મંડીએ છીએ. જાગેલી વ્યક્તિ સપનાં જોવાનું જ બંધ કરી દે છે.

આ ગઝલના બાકીના શેર આમ સમજી શકાય ગઝલમાં આપતો પ્રત્યેક શબ્દ તેના સમગ્ર સંદર્ભ સાથે તેના સંવેદનવિશ્વને લઈને આવતો રહે છે. દા.ત જ્યારે 'મૃગજળ' શબ્દ લખું છું ત્યારે રણ, રેત જ રેત હોય અને ત્યાં પાણીનાં ઝરણાં વહેતાં દેખાય. પાણીથી ભરેલું તળાવ દેખાય એ સમગ્ર ભ્રમની વાત હોય છે. સૂર્યનાં તપેલાં કિરણો રેતી ઉપરથી પરાવર્તન પામીને પાછાં ફરતાં હોય છે ત્યારે તેમાં એક પ્રકારના તરંગો ઊભા થાય છે. કંપન-ધ્રુજારી ઊભા થાય છે. એ કંપન અને તરંગોને લીધે તેમાં જાણે ગતિ હોય. લહેરો ઊભી હોય, જાણે વહેતી ધારા હોય એવું લાગે છે. અને આ મૃગજળની અંદર આકાશનું, વાદળનું પ્રતિબિંબ પણ દેખાય છે. પરંતુ જેવા પાસે પહોંચો છો ત્યારે રેતી જ હાથ લાગે છે એટલે 'ઝાંઝવું' શબ્દ ગઝલમાં લખું છું ત્યારે મારો ભાવક આ સમગ્ર સંવેદનવિશ્વમાં તેને મૂકવા માંગું છું તેમ સમજે એવી થોડી અપેક્ષા હોય છે. હું જાણું છું કે સમસંવેદન નહીં, અનુસંવેદન પ્રગટે તો પણ ઘણી મોટી વાત કહેવાય. મારી ગઝલનો શબ્દ આવું સંવેદનવિશ્વ, ભાવવિશ્વ લઈને પ્રગટતો મને જણાયો છે. ◻



નંદિની ત્રિવેદી

# અતિ ઘણું નહીં તાણીએ, તાણે તૂટી જાય
# તૂટ્યા પછી જો સાંધીએ, ગાંઠ પડે વચમાં



અમીન સાયાની

છપ્પન હજાર રેડિયો પ્રોગ્રામ અને ચૌદ હજાર કમર્શિયલ્સ તથા ઈવેન્ટમાં પોતાનો ઘેરો અને હૃદયસ્પર્શી અવાજ આપનાર અમીન સાયાનીને કોઈ ન ઓળખતું હોય એવું બને? એમની 'ગીતમાલા' એટલી પોપ્યુલર હતી કે એ જમાનામાં રાત સુહાની ઢલતી જાય અને સાયાનીસાહેબનો નશીલો અવાજ અને મીઠાં મધુર ગીત ઘૂંટાતા જાય! ગુજરાતી ભાષા અને ગુજરાતીઓ પ્રત્યે અત્યંત આદર ધરાવતા અમીન સાયાની તેમના જીવનને યોગ્ય દિશા આપવાનો, ઈન્સાનિયત અને સચ્ચાઈનો રાહ દેખાડવાનો યશ તેમની સ્કૂલ ન્યુ એરાને આપે છે. સ્કૂલના એક ખાસ ગીત ધન્ય ન્યુ એરા...ના શબ્દો તેમના માટે હંમેશા પ્રેરણાદાયી રહ્યાં છે અને ગુજરાતી ભાષાની એક યાદગાર પંક્તિએ તેમને જીવનભરનું તથ્ય સમજાવી દીધું છે. એ પંક્તિ છેઃ અતિ ઘણું નહીં તાણીએ, તાણે તૂટી જાય, તૂટ્યા પછી જો સાંધીએ, ગાંઠ પડે વચમાં...! આવા ઋજુ હૃદયના લોકપ્રિય ઉદ્‌ઘોષક અમીન સાયાનીની 'ગીતમાલા કી છાંવ મેં'નાં ૨૦ વોલ્યુમ બહાર પડી ચૂક્યાં છે, જેમાં યાદ છે એ ગોલ્ડન પિરિયડના સંગીતની. હિટ પરેડમાં આવેલાં ગીતો ઉપરાંત સંગીતકાર- ગાયકો સાથેની અવિસ્મરણીય મુલાકાતો પણ સાયાની સાહેબે લીધી છે. એમાં ૧૯૫૨માં રેડિયો પર 'ગીતમાલા' (જે એ વખતે બીનાકા ગીતમાલા તરીકે પ્રખ્યાત હતી) ના આરંભ પછી તેમણે પાછું વળીને જોયું નથી. અઢળક પ્રોગ્રામ્સ, દેશ-વિદેશની અસંખ્ય ટ્રિપ્સ અને અપાર લોકચાહના! કોલાબા સ્થિત એમના રેકોર્ડિંગ સ્ટુડિયોમાં સ્ટુડિયોની અદબ મુજબ જ વાર્તાલાપ શરૂ થાય છે- રેકોર્ડેડ

**મુખ્ય શોખઃ** સંગીત. અરે, હું તો સારું ગાતો હતો. પણ ૧૫–૧૬ વર્ષે અવાજ ફાટ્યો ને મારું ગાવાનું બંધ થયું. ગાઉં તોય લોકો કહે, 'બેસૂરે બંદ કર!' ગાવાનું છૂટ્યું એટલે ચટકો લાગ્યો નાટક–ચેટકનો. હિન્દી–ગુજરાતી–અંગ્રેજીમાં ખૂબ નાટક કર્યાં. ફિલ્મમાં હીરોગીરી પણ કરવી હતી, પણ પ્રોડ્યુસર એમ જ કહેતા કે,' સેકન્ડ વિલન યા થર્ડ કોમેડિયન કા રોલ કરેંગે?' બોલું તો શું બોલું?

**પ્રિય પુસ્તકઃ** મને અંગ્રેજી સાહિત્યિક નવલકથાઓ તથા પ્રેમચંદની કથા પહેલાં આકર્ષતી. હવે વાંચવાનો થાક લાગે છે.

**પ્રિય કવિ?** મારી મા એક નાનકડું અખબાર ચલાવતી જેમાં સારા શાયરોની ઘણી શાયરીઓ આવતી. એમાંથી જ મારો કવિતા પ્રત્યેનો લગાવ વધ્યો. મારો જન્મ સ્વાતંત્ર્યસંગ્રામ સાથે સંબંધ ધરાવતા કુટુંબમાં થયો છે. એટલે મારો અભિગમ મોટે ભાગે આદર્શવાદી રહ્યો છે. દિમાગને ઊંચા સ્તરે લઈ જાય અને ભાષા–અભિવ્યક્તિ ઉત્તમ હોય તેવી કવિતા ગમે. ગાલિબ, મીર, કૈફી, ભરત વ્યાસ, શકીલ બદાયૂંની, મજરૂહ, ગુલઝાર, નીરજની કવિતા રૂહદાર હોય છે.

**પ્રિય સંગીત અને સંગીતકારઃ** શાસ્ત્રીય અને ફિલ્મ સંગીત. જોકે, આખી જિંદગી મારો નાતો ફિલ્મસંગીત જોડે જ રહ્યો એટલે એમાં સૌથી પ્રિય રોશન, એસ.ડી. બર્મન અને મદનમોહન. ગાયકમાં કિશોર કુમાર ખૂબ ગમે. એ વખતે લતા–આશા, રફી સા'બ બધા જ ઉત્કૃષ્ટ ગાયકો અને દરેકની ગાવાની અદાયગી અલગ. કોઈ કોઈની નકલ ન કરે. શાસ્ત્રીય સંગીતમાં કેસરબાઈ કેરકરની ગાયકીનો હું દીવાનો! અરે, શું અદ્દભુત ગાયિકા! સિંહણ હતી એ સંગીતની. બડે ગુલામ અલીખાં, વિલાયતખાં અને બિસ્મિલ્લાખાં પણ ઉત્તમ કલાકારો.

**મનપસંદ ફિલ્મ?** રેડિયો પર હતો ત્યારે દરેક અઠવાડિયે એક–બે ફિલ્મ જોવી જ પડે અને એને લગતા કાર્યક્રમો બનાવવા પડે. હવે આટલી બધી ફિલ્મોમાંથી કોને પસંદ કરવી ? એટલે જવા દો, નથી યાદ કરવી એકેય ફિલ્મ! હવે તો લગભગ બંધ કરી દીધું છે ફિલ્મો જોવાનું.

**પ્રિય વાનગીઃ** મને તો સાદું ભોજન જ ભાવે. એમાંય તમારી ગુજરાતી ડિશ દાળ–ભાત અને ઓસામણ મળે તો તો ભયો ભયો! મારી પાસે કંઈ કામ કરાવવું હોય તો દાળ–ભાતને ઓસામણ મને આપી દેવું (હસીને કહે છે)

**પ્રેમ એટલે શું?** પરસ્પર ઊંડી લાગણી, સમજદારી, વિશ્વાસ અને સૌથી મહત્ત્વની મૈત્રી તેમજ સાથે ચાલવાની ક્ષમતા, દરેક સમય–સંજોગે! પ્રેમને એક ઊંચાઈ બક્ષે એવી પરસ્પર મૈત્રી એકબીજા પર ભરોસો મારી દૃષ્ટિએ સૌથી અગત્યનાં છે.

> **આખી જિંદગી મારો નાતો ફિલ્મસંગીત જોડે જ રહ્યો એટલે એમાં સૌથી પ્રિય રોશન એસ.ડી. બર્મન અને મદનમોહન. ગાયકમાં કિશોર કુમાર ખૂબ ગમે. એ વખતે લતા–આશા, રફી સા'બ બધા જ ઉત્કૃષ્ટ ગાયકો અને દરેકની ગાવાની અદાયગી અલગ. કોઈ કોઈની નકલ ન કરે. શાસ્ત્રીય સંગીતમાં કેસરબાઈ કેરકરની ગાયકીનો હું દીવાનો!**

**વીકએન્ડ કઈ રીતે વિતાવવો ગમે?** મારાં ૫૦ વર્ષ એવાં ગયાં છે જેમાં મેં મારી જાત માટે કશું નથી કર્યું. હવે સમય મળે ત્યારે નાટક–કૉન્સર્ટમાં જાઉં અથવા ઘરમાં બેસીને ક્રોસવર્ડ, ક્વિઝ કે સ્ક્રેબલ રમું.

**પ્રિય પ્રવાસસ્થળઃ** આખી દુનિયા ફર્યો છું પણ જે સ્થળ સમયના અમુક તબક્કે ગમ્યું હતું ત્યાં આજે બધું બદલાઈ ગયેલું દેખાય છે– ટ્રાફિક, વસ્તી, ભીડભાડ. દુનિયા આખી ઓરિજિનાલિટી ગુમાવી રહી છે. સમન્વય સાધીને આગળ વધીએ તો દરેક સ્થળ સારાં છે. આખી સૃષ્ટિ આપણા મણિપુરી નૃત્યમાં આવતાં ધીન્ ત તાકીર તા તા...ની જેમ ધીમે ધીમે વ્યવસ્થિત ફરે છે. આપણે બેવકૂફ બદ્દતમીઝ માણસો પૃથ્વીના એ સમન્વયને હત્યા, બળાત્કાર, જૂઠાણાં ને અન્યાય દ્વારા બગાડીએ છીએ. તેમાંથી ક્રિયા–પ્રતિક્રિયા સર્જાય છે.

**તમારે માટે સૌથી મૂલ્યવાન શું?** સત્ય અને મિલન. હું માનું છું કે લડો નહીં, મળો અને તોડો નહીં, જોડો.

**કોઈ ખેદ?** મારી પત્ની રમાને બીમારીઓથી બચાવી ન શક્યો અને પુત્રને ડૉક્ટર ન બનાવી શક્યો. રમા કાશ્મીરી પંડિત હતી અને દરેક કામમાં ખૂબ સહાયક. થોડાં વર્ષ પહેલાં એ મૃત્યુ પામી.

**કોઈ ડર?** કયામતનો. મારા મૃત્યુનો નહીં પણ જ્યારે સાર્વત્રિક વિનાશ આવશે ત્યારે સારા લોકો પણ નહીં બચે એ ડર લાગે. ગીતામાં ઈશ્વર વિશે કહેવાયું છે કે, 'સંભવામિ યુગે યુગે, ' કૃષ્ણના અવતરવાની હું રાહ જોઉં છું. □

અવસર આંગણાનો

# શ્યામલ-સૌમિલ મુનશીના પ્રથમ ગુજરાતી ગઝલ આલબમ 'રજૂઆત'નું પદ્મશ્રી અનુપ જલોટાના હસ્તે દબદબાભેર વિમોચન



અમદાવમાદમાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હૉલમાં શ્યામલ-સૌમિલે પોતાનાં પ્રથમ ગઝલ આલબમ 'રજૂઆત'ના વિમોચન પ્રસંગે આલબમની કેટલીક રચનાઓ પણ રજૂ કરી હતી.




આલબમ 'રજૂઆત'નું વિમોચન કરતાં પદ્મશ્રી અનુપ જલોટા અને અમદાવાદના મેયર હસિત વોરા.



હૃદયસ્પર્શી અને ઊંડાણસભર 'રજૂઆત'.

'જાણીતા ગુજરાતી ગાયક અવિનાશ વ્યાસની સંગીત પરંપરાને આ બંને ભાઇઓ આગળ વધારી રહ્યાં છે. તેમના પ્રથમ ગુજરાતી ગઝલ આલબમ 'રજૂઆત'માં સમાવાયેલી ગઝલો પ્રયોગશીલ, પરંપરાગત, હૃદયસ્પર્શી અને ઊંડાણસભર છે. આ પ્રકારની પ્રવૃત્તિથી તેઓ ગુજરાતી ભાષાનું ઋણ ચૂકવી રહ્યા છે.' આ શબ્દો છે ભજનસમ્રાટ પદ્મશ્રી અનુપ જલોટાના. અવસર હતો શ્યામલ–સૌમિલ મુનશીના પ્રથમ ગુજરાતી ગઝલ આલબમ 'રજૂઆત'ના વિમોચનનો.

ઉર્દૂ અને ફારસી સાહિત્ય પછી ગઝલે જો લોકચાહના મેળવી હોય તો તે છે આપણી ગુજરાતી ભાષા. પરંપરાના તેમજ પ્રયોગશીલ ગઝલકારોએ ગઝલને એક નવી જ ઊંચાઇ આપી છે. ગુજરાતી ગઝલને પોતાના સંગીત દ્વારા પારિવારિક બનાવવાની અને એને નવો વળાંક આપવાની શ્યામલ–સૌમિલે પહેલ કરી છે. શ્યામલ–સૌમિલ મુનશીનું હૃદયસ્પર્શી અને ચોટદાર ગુજરાતી ગઝલોનું પ્રથમ આલ્બમ 'રજૂઆત' પદ્મશ્રી અનુપ જલોટાના હસ્તે તારીખ ૪ ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હૉલ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે અમદાવાદના મેયર શ્રી હસિત વોરા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

હસિત વોરાએ આ પ્રસંગે કહ્યું હતું



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પદ્મશ્રી ભજન સમ્રાટ અનુપ જલોટાનું બહુમાન કરવામાં આવ્યું હતું.

કે, 'અમે વિવિધ વિકાસની પ્રવૃત્તિઓ કરીને શહેરને લીવેબલ (રહેવાલાયક) બનાવીએ છીએ અને કલાકારો આ સંસ્કૃતિને આગળ વધારીને તેને લવેબલ (પ્રેમાળ) બનાવે છે.' કાર્યક્રમમાં પોતાના પ્રથમ ગુજરાતી ગઝલ આલબમ 'રજૂઆત'ના વિમોચન પછી શ્યામલ–સૌમિલ મુનશીએ પોતાના ગઝલ પ્રેમ અને 'ગુજરાત સમાચાર' સાથેના પોતાનાં સંસ્મરણો વાગોળ્યા હતા. બંને ભાઇઓ જ્યારે શાળામાં હતાં. ત્યારે 'ગુજરાત સમાચાર'નાં બાળકો માટેના પ્રકાશન 'ઝગમગ'ના બંધાણી હતા અને 'ઝગમગ મંડળ'માં દાખલ થવા ઇચ્છતા હતા. સલાહ મળી કે ફોર્મ ભરી લો અને થઈ જાવ સભ્ય. ફોર્મ ભરીને જ્યારે તેઓ કાર્યાલયમાં આપવા ગયા ત્યારે બંને ભાઇઓએ ઘટસ્ફોટ કર્યો કે, તેઓ 'ઝગમગ મંડળ'માં કાર્યક્રમ પણ આપવા માંગે છે. બંને ભાઇઓને પૂછવામાં આવ્યું કે તેઓ કયો કાર્યક્રમ આપવા માંગે છે ? ત્યારે બંનેએ એક સૂરે કહ્યું, ગઝલો અને શાયરીઓનું પઠન કરશે. બંનેને આ માટે ૧૦ મિનિટ આપવામાં આવી પરંતુ તેઓએ તો ૨૦ મિનિટ સુધી ગઝલો અને શાયરીઓનું પઠન કર્યું. ત્યારે સૌમિલ ૧૧ વર્ષનો અને શ્યામલ ૯ વર્ષનો હતો. ત્યારબાદ ૪૧ વર્ષ પછી એ જ ગઝલ તેમણે ગુજરાત સમાચારના સ્મૃતિબહેન શાહ સમક્ષ 'રજૂઆત'ના વિમોચન પ્રસંગે રજૂ કરી.

લોકાર્પણ પ્રસંગે શ્યામલ–સૌમિલ મુનશી દ્વારા 'રજૂઆત' આલબમમાં



કાર્યક્રમનું સંચાલન કરતા અભિનેત્રી અને આર.જે આરતી પટેલ.

સમાવિષ્ટ ગઝલો પણ ભાવકો સમક્ષ ખાસ રજૂ કરવામાં આવી હતી. જેની રજૂઆતને શ્રોતાઓની ભારે દાદ સાંપડી હતી. ઠંડીના માહોલમાં પણ આ ગઝલગાનથી હૂંફાળો માહોલ સર્જાયો હતો.

શ્યામલ–સૌમિલ મુનશીના પ્રથમ ગુજરાતી ગઝલ આલબમ 'રજૂઆત'માં ગુજરાતી ગઝલકાર મરીઝ, બેફામ, સૈફ પાલનપુરી, ગની દહીંવાલા, રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા, હિતેન આનંદપરા અને શ્યામલ મુનશીની ગઝલોનો સમાવેશ કરાયો છે.

આલબમ 'રજૂઆત'ના વિમોચન પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પદ્મશ્રી અનુપ જલોટાનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિઓ તેમજ કલાસંગીત અને સાહિત્યજગતની હસ્તીઓ પણ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમનું સંચાલન જાણીતી અભિનેત્રી આરતી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. □



'એ રીતથી છવાઈ ગયા છે ખયાલમાં...'



વિમોચન વેળાએ અનુપ જલોટાએ કેટલીક ગઝલો પણ રજૂ કરી હતી.-



'પૂછ એને કે જે શતાયુ છે...'



શ્યામલ-સૌમિલના પ્રથમ ગુજરાતી ગઝલ આલબમ 'રજૂઆત'ના વિમોચન પ્રસંગે આલબમની કેટલીક ગઝલોનો આસ્વાદ માણતાં અનુપ જલોટા અને અન્ય શ્રોતાગણ.

# બે મિસરાની ગઝલ-સૌમિલ અને શ્યામલ મુનશી




'નિસ્બત છે અમારે ધરતીથી, તુજ સ્વર્ગનું વર્ણન કોણ કરે...' અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હૉલમાં ગઝલની 'રજૂઆત' કરતાં સૌમિલ-શ્યામલ.

ગુજરાતી અડધી ચડ્ડી પહેરીને, ૬૦ સ્વસ્તિકથી આરંભાયેલી આ કર્મણ્ય કલાકારોની સૂરયાત્રા આજે સ્વયં સૂર્યનગરી (Sun City) સુધી વ્યાપી ચૂકી છે...! પરેશ-ભક્તિદા સમા કલારસિક માતા-પિતાનાં ફરજંદ હોવાને નાતે, ગીત-ગઝલ-સંગીત એમને ગળથૂથીમાં મળેલાં. અવનવા રદીફ-કાફિયા થી રચાયેલા મિનારાને એક જ ઘા એ ટાંચી 'નાગોળચુ' કરી બાજી જીતવાની કુનેહ શૈશવથી જ એમણે હસ્તગત કરી લીધેલી. સ્વસ્તિકની આ 'અ-શોક' વાટિકામાં સૂરીલી ખુશીઓનાં ફૂલ દિવસ-રાત ખીલેલા રહેતાં... અને એની ખુશબૂથી આકર્ષાઇને ગીત-ગઝલ, નિસદિન ઓસરીમાં રમવા આવતાં...!!

પરેશ મુનશીની પારખુ નજર તળે પાંગરતું અને સૂર શબ્દનાં હલેસાં મારતું એમનું બચપણ, ૧૯૮૦માં એક 'મોરપીછ' મુકામ પર લાંગર્યું... અને પછી તો જાણે હોડ મંડાણી સાત સાગર પાર કરવાની...! શેતલની ચીવટભરી નિગરાની અને પપ્પુ-કીસન-ચીચુ, તુષાર અને અનુપનાં હૂંફાળા હોંકારાએ મુનશી બન્ધુઓનાં વહાણનાં સર્વે સઢ ખોલી નાખ્યાં અને વળી સંગ મળ્યો આરતીનાં કંઠનાં કામણનો...!! ત્યારબાદ એક પછી એક ગીત-ગઝલનાં નિત-નવા મુકામ સર થાતાં ગયાં...

એક રંજ કાયમ રહી ગયેલો... કે આવા પાણીદાર સ્વરાંકનો બન્યા અને ગવાયા, પણ એનું કોઇ ડોક્યુમેન્ટેશન ના થયું...! આવનારી પેઢીને તો ખબરે નહીં પડે અને આજની પેઢીને પણ યાદે નહિ આવે કે 'ગઝલ કહેતા હતા કોઇ સૌમિલ-શ્યામલ...!' અને ત્યાં જ વાવડ મળ્યા 'રજૂઆત'નાં...!

મુનશી બ્રધર્સની કમ્પોઝ કરેલી કેટલીક હણહણતી ગઝલોનાં સૌ-પ્રથમ આલબમનું લોન્ચીંગ... અનુપ જલોટાનાં વરદ હસ્તે... મેયરશ્રી હસિત વોરાની સાખે ! અને જીવડો ન્યાલ થઇ ગ્યો...! (રીલેક્સ વત્સ... આ તો શરૂઆત માત્ર છે. બીજા આલબમ લાઇનમાં ઊભાં જ છે...!)

'યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર'નાં આલીશાન થિયેટરમાં આશરે ૨૦૦૦ પ્રેક્ષકો સમક્ષ યોજાયેલો કાર્યક્રમ, પ્રત્યેક ગઝલ-વંશી માટે સદાકાળ એક યાદગાર અનુભવ બની રહેશે. (અને ઓડિટોરીયમ પણ કેવું વિશાળ અને જાજરમાન...! તમે લંડન, શિકાગો, કે ઑકલેન્ડનાં કોઇ સભાગૃહમાં કાર્યક્રમ માણતા હો, અદ્દલ એવું જ લાગે...!) સૈફ, બેફામ અને ગની સાહેબ રચિત

પરંપરાગત ગઝલ તેમજ રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા અને હિતેન આનંદપરાની અર્વાચીન, એમ બન્ને પ્રકારની ચુનંદી ગઝલોનો સમાવેશ આ ઑડિયો આલબમમાં થયેલો છે. મરીઝ સાહેબની સદાબહાર ગઝલ 'એ રીતથી છવાઇ ગયા છે' તો ખરી જ... અને શાયર શ્યામલ મુનશીની ધીર-ગંભીર મિજાજની ગઝલ 'આપણે પાછા ફરીએ આપણી તરફ' પણ સરસ રીતે 'રજૂઆત'માં રજૂ થઈ છે. 'રજૂઆત'ની કેટલીક ગઝલો બન્નેએ ગાઇ સંભળાવી. 'રજૂઆત'ની રજૂઆત દાદુ હતી અને એન્કરીંગ બન્ધુઓએ જાતે જ, હળવી છતાં આગવી અદામાં કર્યું. બન્નેની ગાયકી બત્રીસકળાએ (૧૬+૧૬) ખીલી ઉઠેલી અને પ્રેક્ષકોની દાદ અનરાધાર વરસતી રહેલી...! અનુપજીએ તેમજ મેયરશ્રીએ સૌમિલ-શ્યામલની સર્જકતા અને વિવિધતાભરી રજૂઆતનાં છડેચોક વખાણ કર્યાં...!

વર્ષોથી મેં બન્ને ભાઇઓને નજીકથી જોયા છે... જાણ્યાં છે... માણ્યાં છે. બન્ને એકમેકનાં સાચા અર્થમાં પૂરક છે. એકમેકને સંપૂર્ણ ઓળખે છે અને એકમેકની ખૂબીઓ અને અગત્યતાને પણ પિછાણે છે. કહો કે બન્ને એક-એક મિસરા સમાન છે. ગઝલના પિંડને ઓપ આપનાર તમામ તત્ત્વ એમનામાં સાબૂત છે...! એકમાં 'વજન' છે... તો બીજામાં 'ચોટ' છે...! એક 'હુસ્ન-એ-ખયાલ' છે (વિચાર સૌંદર્ય) તો બીજો 'અંદાજ-એ-બયાં' છે. (અભિવ્યક્તિ). એક 'મૌસિકી' છે (સંગીત) તો બીજો 'મારિફત' છે. (આધ્યાત્મિકતા) એટલે ટૂંકમાં, આમ તો બે મિસરા વડે એક શેર રચાય છે... પરંતુ સૌમિલ-શ્યામલ નામે બે મિસરા જ્યારે ભેગા થાય છે ત્યારે આખેઆખી માતબર ગઝલ સર્જાય છે...!!!

## 'રજૂઆત'ની વિમોચન વિધિની સાથે સાથે...

• ૪ ફેબ્રુઆરી, સોમવારે હાટકેશ્વર મહાદેવના સપૂતો શ્યામલ અને સૌમિલ મુનશી સોળે કળાએ ખીલ્યા. પ્રારંભથી જ રોમેન્ટિક મૂડમાં જણાતા મુનશી બંધુઓએ સૈફ, ઘાયલ અને મનોજ ખંડેરિયાની ગઝલો તેમજ પોતાનાં માર્ગદર્શક જગજીત સિંઘે ગાયેલું 'હસ્તાક્ષર' શીર્ષક ગીત રજૂ કરીને વાતાવરણ વોર્મ અપ કરી દીધેલું જેને ગઝલ અને ભજન સમ્રાટ પદ્મશ્રી અનુપ જલોટાએ આગળ વધાર્યું.

• સુગમસંગીતના જીવંત પર્યાય શ્યામલ સૌમિલના એક નવા આલબમ 'રજૂઆત'ની દબદબાભેર વિમોચન વિધિ કરતા શ્રી અનુપ જલોટાએ મુનશી બંધુઓને ગુજરાતી સંગીત સેવાને બિરદાવતા કહેલું કે પોતાના તબીબી વ્યવસાયમાં એટલા વ્યસ્ત હોવા છતાં ગીતો લખવા, ગઝલો લખવી અને સ્વરબદ્ધ કરવું અને ગાવું અને આટલું મસમોટું આયોજન કરવું તેમાં મા સરસ્વતીના જ આશીર્વાદ છે.

• અનુપજી ધીમી ચાલે અને મર્માળી આંખે સ્ટેજ ઉપર આવ્યા ત્યાં તો શ્રોતાઓ રોમાંચિત થઈ ગયા કારણ કે શ્રોતાઓને અંદાજ હતો જ કે શ્યામલ સૌમિલના મિત્રો વડીલ અને સપ્રકની અનુપજીની મુલાકાતે આપેલા આમંત્રણના સ્વીકાર પછી અનુપજી મન મૂકીને વરસી પડશે અને થયું પણ એવું જ. મિર્ઝા ગાલીબની ભારેખમ ગઝલ હોય પરંતુ એકદમ સહજતાથી રજૂ કરીને અને ત્યારબાદ અન્ય ૩ ગઝલો રજૂ કરીને જણાવી દીધું કે, હું ફક્ત ભજન સમ્રાટ જ નથી અને શ્રોતાઓની સતત ફરમાઈશને માન આપીને ભજન પણ રજૂ કર્યું અને લોકોને તૃપ્ત કરી દીધા.

• અનુપજીની ગાયકી તો અદ્ભુત છે જ પરંતુ જે રીતે તેમને પ્રથમ મુદ્દાસર આશીર્વચન અને શુભેચ્છા સંદેશ આપ્યા તેમાં સ્વસ્થતા અને ભારોભાર પ્રેમ મુનશી બંધુઓ માટે છલકતો હતો.

• સામાન્ય છાપ એવી છે કે, ગઝલમાં સ્ત્રીને પામવાની, પ્રેમની નિષ્ફળતાની અથવા મરવાની કે ફના થવાની અને કફનની વાતો આવીને ગમગીની ફેલાવવાના શબ્દો અને ધૂન હોય છે પરંતુ 'રજૂઆત'માં સમાવિષ્ટ બધી જ ગઝલોના શબ્દોમાં એટલી નવીનતા વૈવિધ્યતા છે. બંદિશ એટલી જ હળવી, અર્થસભર છે સાથે એટલી જ ચોટદાર અને રોમાન્ટિક શૈલીમાં રજૂ કરી છે.

• સમગ્ર રીતે અવલોકન કરતા એમ કહેવું જરા પણ અતિશયોક્તિ નથી કે શિસ્તબદ્ધ આયોજન, બ્રાન્ડેડ રજૂઆત સંગીતમય એહસાસ અગ્રગણ્ય ચેહરાઓથી ૪ કલાક જીવનનું એક અમૂલ્ય સંભારણું બની ગયું.

- પ્રો. ઉદય વસાવડા

અમદાવાદ અને મુંબઇનાં ડિજિટલ સ્ટુડિયોમાં અંકાયેલી આ ગઝલોનાં રૅકોર્ડીંગમાં સવિશેષ ધ્યાન અપાયું છે જે ઊડીને કાને વળગે છે...! વાદ્યકારો પણ મોટાભાગના તો ફિલ્મ ઇન્ડસ્ટ્રીનાં ખાંટુઓ... એટલે એક એક 'પીસ' રોકડો જ વાગે ને મ્યુઝિક પણ ટકોરાબંધ...!!! હે ગુણીજનો, આ આલબમ વિશે ઝાઝું કહેવાને હું અસમર્થ છું... પણ એટલું ખરું કે 'રજૂઆત' સાંભળ્યા વિનાનું તમારું આયખું અધૂરૂં લેખાય...! જય હો...!!!

- કમલ શાહ



બિજોય શિવરામ

# મોહિનીઅટ્ટમ અને ઓડિસી નૃત્ય

કુચિપુડી અને કથકલી બન્ને શૈલીમાં પહેલાં સ્ત્રીઓ ભાગ નહોતી લઈ શકતી પણ હવે તેઓનો પણ સમાવેશ થાય છે. કથકલીના શુદ્ધ નૃત્યને કલાસમ કહેવાય છે, જેમાં સુંદર અને આકર્ષક હલનચલન દ્વારા ગીતના અર્થને સુઘડ હાવભાવ દ્વારા રજૂ કરાય છે. આમાં નૃતના હલનચલન ચુસ્ત અને સ્થિર હોય છે. પગની સ્થિતિ અને બેસવાની પદ્ધતિ ભરતનાટયમ્ અને કુચિપુડીની જેમ હોય છે પણ આમાં બે પગ વચ્ચેની પોહળાઈ વધારે હોય છે. પગનાં વિવિધ હલનચલન જેમ કે, કુદરતી રીત, જુસ્સાભર્યા અંગમરોડ જેવી કેટલીક લાક્ષણિકતા જે કથકલીમાં હોય છે તે કુચિપુડી અને ભરતનાટયમ્માં જોવા મળતી નથી. ગીતના અર્થને સમજાવતી હસ્તમુદ્રાઓ ત્રણે શૈલીમાં મહદ્અંશે સરખી જોવા મળે છે.

બીજો દક્ષિણ ભારતીય શાસ્ત્રીય નૃત્ય પ્રકાર છે મોહિનીઅટ્ટમ. આ શૈલીમાં ભરતનાટયમ્ અને કથકલી બન્ને શૈલીનું મિશ્રણ છે. આના ઉદ્ભવ વિશે કોઈ પણ આલેખ પ્રાપ્ત નથી. મોહિનીઅટ્ટમનો ઉલ્લેખ ૧૭૦૯ A.D.માં કુંજન નામ્બીરલિખિત ગ્રંથ 'ગીશયાત્રા ઓતન્ થુલ્લ'નાં એક વિવેચનમાં પ્રાપ્ત થાય છે.

સુંદર અને આકર્ષક હલનચલન તે આ શૈલીનું મુખ્ય લક્ષણ છે. કથકલી અને ભરતનાટયમ્ની જેમ આ શૈલીમાં પણ મુખ્યત્વે કર્ણાટકી સંગીત હોય છે. ગાવાની પદ્ધતિ નૃત્યકારને સુંદર અને આકર્ષક રજૂઆત કરવામાં મદદ કરે છે.



કથકલીની જેમ આમાં પણ સોપના રીતનો સમાવેશ થાય છે. આમાં વેશભૂષાનો રંગ સફેદ હોય છે અને વાળને એક અલગ ઢબમાં ઓળવામાં આવે છે. આંખોના સુંદર હલનચલન નૃત્યકારને કુશળ અભિનય કરવામાં સહાય કરે છે. જેને નયન અભિનય કહેવાય છે. ઘણાઅંશે ભરતનાટયમ્ અને મોહિનીઅટ્ટમનું માર્ગમ એક જેવું જ છે. સ્વાતિ તિરુન્નાલ મહારાજના સમયગાળામાં મોહિનીઅટ્ટમના માર્ગમે એ તાંજોર કર્વાટને ઘણાં પ્રેરિત કરાયા હતા. જેઓ ૧૯મી સદીમાં ભરતનાટયમ્ના માર્ગમની રચના કરી હતી, છતાં બન્ને શૈલીમાં વિવિધતા જોવા મળે છે. ઉદાહરણ તરીકે અલ્લારીપુની જગ્યાએ મોહિનીઅટ્ટમમાં ચોલુકેટ પહેલી રચના છે. અને જતીસ્વરમની જગ્યાએ ભરત સ્વરજતી મોહિનીઅટ્ટમમાં રજૂ કરાય છે. હાલમાં સ્વરજતી શબ્દમ્ પણ શાસ્ત્રીય ભરતનાટયમ્માં સ્વીકારાય છે. શબ્દમ્ અને બીજી વિવિધ અભિનય રચનાઓ ભરતનાટયમ્ની જેમ રજૂ કરાય છે.

ઓડિસી એ એક બીજો નૃત્યપ્રકાર છે જે ઓરિસા રાજ્યમાંથી ઉદ્ભવેલો છે અને બીજા નૃત્યપ્રકારની જેમ આ પણ ભારતીય તત્ત્વજ્ઞાન પર આધારિત છે. ભરતનાટયમ્ની જેમ

ઓડિસી નૃત્યશૈલીમાં નૃત્યસ્થિતિ મંદિર શિલ્પોમાંથી પ્રેરાઈ છે, આ કારણે તેની નૃત્યભંગીઓમાં મંદિરનાં શિલ્પોનાં નૃત્ય પ્રાપ્ત થાય છે. ત્રિભંગી સ્થિતિ તે ઓડિસી નૃત્યશૈલીની ખાસ લાક્ષણિકતા છે, જેનો અર્થ થાય છે શરીરના ત્રણ ભાગ.



આ શૈલીના વિકાસ માટે દેવદાસીનો ફાળો ઘણો અગત્યનો છે. સ્ત્રીમંદિરની નૃત્યાંગનાઓને મહારી કહેવાય છે અને પુરુષ નૃત્યકારોને ગોતીપુઆ કહેવાય છે. ઓડિસી નૃત્યશૈલીમાં નૃત્યસ્થિતિ મંદિર શિલ્પોમાંથી પ્રેરાઈ છે, આ કારણે તેની નૃત્યભંગીઓમાં મંદિરના શિલ્પોનાં નૃત્ય પ્રાપ્ત થાય છે. ત્રિભંગી સ્થિતિ તે ઓડિસી નૃત્યશૈલીની ખાસ લાક્ષણિકતા છે, જેનો અર્થ થાય છે શરીરના ત્રણ ભાગ.

બટ્ટ નૃત્ય જેમાં સંગીતનાં વાદ્યોને લઈ શુદ્ધ સ્થિતિઓ દર્શાવવામાં આવે છે. વિવિધ પ્રકારનાં વાદ્યો જેવાં કે, વીણા, ડ્રમ, મંજીરા અને વાંસળીનો સમાવેશ થાય છે. બીજો મુખ્ય પ્રકાર છે પલ્લવી–જેનો અર્થ થાય છે કે નિશ્ચિત સમયમાં (તાલ) નૃત્યકાર ગીતના સ્વર જે ચોક્કસ રાગના હોય છે તેના પર શુદ્ધ નૃત્ય કરે છે.

નૃત્તનો બીજો પ્રકાર છે મોક્ષ નૃત્ત. મોક્ષ નૃત્તને નૃત્યના અંત પહેલા કરવામાં આવે છે. મોક્ષમાં નૃત્યકાર વિવિધ પ્રકારના શુદ્ધ નૃત્તની રચના રજૂ કરે છે. બીજી નૃત્ય શૈલીની જેમ આમાં પણ નૃત્ત અને નૃત્ય એકબીજા સાથે સંકળાયેલાં છે. ગીતના ભાવને આકર્ષક શારીરિક હલનચલન, સૂક્ષ્મ હાવભાવ, અભિનય, ભાવ અને રસ દ્વારા રજૂ કરાય છે. આમાં ગીતના ભાવને તેના અર્થ કરતાં વધારે મહત્ત્વ અપાય છે. (ક્રમશઃ)

**(આવતા અંકે શાસ્ત્રીય નૃત્યના બીજા પ્રકારો વિશે જાણીશું.)**





તુષાર શુક્લ



# નવાં ગુજરાતી ગીત-સંગીત વહેતાં કરવાનો પડકાર

ગુજરાતી સુગમસંગીતના ચાહકો ગુજરાતભરમાં તો છે જ, પરંતુ ભારતભરમાં ય વસે છે. મુંબઈ, કોલકાતા, દિલ્હી, બેંગાલુરુ, જયપુર, પૂના... ઘણાં ઘણાં નામ સહેલાઈથી ઉમેરી શકાય તેમ છે. કલાકારોને આમંત્રણ આપીને ગુજરાતી ગીત-સંગીતની લ્હાણ માણનારાઓ છે. આ બધાં શહેરોમાં, એક સમય હતો જ્યારે લોકસંગીતની રમઝટ ગુજરાતી ગીત-સંગીતની મર્યાદિત ઓળખ આપતી. તેની સમાંતરે ગુજરાતી રાસ-ગરબાની લોકપ્રિયતા તો અ-ગુજરાતીઓમાં પણ એટલી જ રહી છે. લોકગીત, ભજન, ગરબા-રાસ એ ધરતીની માટીની સોડમ ધરાવે છે. એના લય સાથે ગુજરાતીઓના હૃદય ધબકારા ભળેલા છે. આમ પણ, લોકસંગીતની આ વિશેષતા વિશ્વભરનાં લોકસંગીતમાં અનુભવી શકાય છે. એ ભાવકો સાથે ઝડપી અનુસંધાન સાધે છે. અલબત્ત, લોકબોલીના લહેકાથી અજાણ ભાવકોને મુશ્કેલી પડતી ય અનુભવાઈ છે.

સૌરાષ્ટ્રના તળના કલાકારની રજૂઆત ગુજરાતના અન્ય પ્રદેશના લોકો સુધી પહોચવામાં મુશ્કેલી પડે છે. લોકનૃત્યના તાલે ઝૂમવાનું પ્રમાણમાં સહેલું છે. પણ લોકવાર્તાને માણવામાં વ્યવધાન રહે છે. આમ છતાં, ગુજરાતીઓ વચ્ચે ગુજરાતી લોકસંગીત લોકપ્રિય રહ્યું છે. અલબત્ત, ગુજરાતમાં તમામ પ્રદેશો પાસે પોતીકું કહી શકાય તેવું પોતીકું સંગીત છે. આદિવાસીઓ પાસે પણ પોતાનાં ગીત-સંગીત છે અને એની મસ્તી ય કંઈ ઓછી નથી જ. પરંતુ, સૌરાષ્ટ્રના લોકો ધંધારોજગાર અર્થે ઠેર ઠેર જઈ વસ્યા છે એટલે સૌરાષ્ટ્રનું લોકસંગીત પણ સુંદર પહોંચ્યું છે. કચ્છી સંગીત, ઉત્તર ગુજરાત કે દક્ષિણ ગુજરાતનું લોકસંગીત એના નિશ્ચિત ભાવકો સુધી સીમિત રહ્યું છે. જો કે હાલમાં ઉત્તર ગુજરાતના લોકસંગીતનો હિલ્લોળ ઠેર ઠેર અનુભવી શકાય છે. તો કચ્છી મણિયારાનું સૌંદર્ય કલાપારખુઓને મુગ્ધ કરી શક્યું છે.

આવા પ્રાદેશિક સંગીતની લોકપ્રિયતાના પ્રભાવ વચ્ચે ગુજરાતી સુગમસંગીતને પોતીકી ઓળખ ઊભી કરવાનું કામ કપરું જ હતું. અહીં શાસ્ત્રીય સંગીતના નિયમો અને લોકસંગીતની સાહજિકતાનો સુમેળ અપેક્ષિત બન્યો. લોકસંગીતનો લય, એના છંદ, એના તાલની સાથોસાથ રાગરાગિણીઓનું માધુર્ય ગુજરાતી સુગમસંગીતના સ્વરકાર સામે ઉપલબ્ધ હતાં. પણ, અહીં એકલા સંગીતથી કામ ચાલે તેમ નહોતું, અહીં તો સ્વરની સાથે વહેતા અર્થપૂર્ણ શબ્દની અપેક્ષા પણ હતી. શાસ્ત્રીય ગાયનમાં શબ્દનો મહિમા ઓછો અથવા નહિવત્ અને લોકસંગીતમાં એની સરળતા અને પુનરાવર્તનોની વિશેષતાની મર્યાદા રહે છે અને અહીં રસમય રસાયણ રચીને સ્વર શબ્દને સંગાથે વહેતા કરવાના છે, આથી અહીં સ્વરકારે શબ્દકાર-ગીતકાર પાસે જવાનું જરૂરી!

અવિનાશ વ્યાસ અને નીનુ

મઝુમદાર જેવું સામર્થ્ય ધરાવનાર જૂજ જ હોય. એટલે સ્વરકાર અને ગીતકાર અલગ અલગ જ હોવાના. ગીતકાર સ્વરકારની આવશ્યકતા અનુસાર રચાયેલા આવાં ગીત–સંગીતની લોકપ્રિયતાનો સ્વર અને શબ્દના સંયોજનનો મહિમા સ્પષ્ટ કર્યો. પણ, આવું સહિયારું સરળ તો નથી જ. નાટક કે સિનેમાની આવશ્યકતા અનુસાર રચાયેલાં આવાં ગીત–સંગીતની લોકપ્રિયતાએ સ્વર શબ્દના સંયોજનનો મહિમા સ્પષ્ટ કર્યો, પણ, આવું સહિયારું સર્જન સહુ માટે સંભવ નહોતું. પરિણામે સ્વરકારોએ પોતાની સૂઝ પ્રમાણે, સ્વતંત્ર ગીત–ગઝલ રૂપે લખાયેલી રચનાઓ પર પસંદગી ઉતારી અને સ્વરબદ્ધ કરી. એની સરળતામાં કવિને યશ મળે પણ નિષ્ફળતાની જવાબદારી સ્વરકારની. કારણ કે, કવિએ ગીત–ગઝલ સ્વરબદ્ધ થઈને ગવાવાની અપેક્ષાએ લખ્યાં નથી. આથી સુગમસંગીતની કલાપ્રવૃત્તિ બહુ જ વિશિષ્ટ શરતોએ ચાલે છે. ને એવામાં એની લોકપ્રિયતા વધે તો એનો યશ સ્વરકારોને ભાગે જાય છે.

અવિનાશ વ્યાસે પોતે ગીત લખ્યાં–સ્વરબદ્ધ કર્યાં ને ગવરાવ્યાં. વળી, જે તે સમયના ઉત્તમ ગાયક–ગાયિકાના કંઠે એ ધ્વનિમુદ્રિત થયાં અને ફિલ્મ તથા આકાશવાણીના માધ્યમ દ્વારા વિશાળ જનસમૂહ સુધી પહોંચ્યા અને પુનઃ પુનઃ પ્રસારણને કારણે દૃઢ પણ થયાં. ગીત અને સંગીતની સરળતાએ એના ભાવકોનો વર્ગ પણ વિસ્તૃત કર્યો. સાહિત્યકૃતિના સર્જન માટેની પ્રતિબદ્ધતા વગર. સુગમસંગીત માટે લખાયેલી આ રચનાઓ સહજપણે જ આ કલાપ્રવૃત્તિની ઓળખ વધી અને એની આવશ્યકતા અને અપેક્ષાને એણે સંતોષી. પરિણામે, અવિનાશ વ્યાસનાં ગીતો, ગુજરાતી ગીત–સંગીતના ચાહકોમાં લોકપ્રિય બન્યાં.

આ ચાહકો જ્યાં જ્યાં જઈ વસ્યા ત્યાં સઘળે આ ગીતો પહોંચ્યાં અને એ જ ગીતો વારંવાર રજૂ થતાં રહ્યાં એટલે યાદ પણ રહ્યાં. ગીતો હતાં ય સરળ, ગણગણવા ગમે એવા એટલે સહુએ ગાયાં. એમાં ય, ગુજરાત છોડીને અન્ય પ્રદેશમાં જઈ વસેલા ગુજરાતીઓએ તો એમની પાસેના આ મર્યાદિત ખજાનાને ખૂબ માણ્યો, વારંવાર માણ્યો અને જાળવી ય જાણ્યો. એમની આસપાસમાં બોલાતી અન્ય વ્યવહારભાષાઓ વચ્ચે એમણે આ ગુજરાતી ગીતો વડે ગુજરાતી સાથે સંબંધ સાચવ્યો.

આવા ચાહકો ભારત છોડીને વિદેશ જઈ વસ્યાં. આજથી ચાલીસ પચાસ વર્ષ પૂર્વે પરદેશની ધરતી પર અર્થોપાર્જન કે અભ્યાસ અર્થે ગયેલા અને પછી ત્યાં જઈ વસેલા ગુજરાતીઓ પાસે પણ વતનઝુરાપો દૂર કરવા આ ગીતો જ હતાં. એમની પાસે ગુજરાતી લોકગીત–ભજન–ગરબા અને રાસ ઉપરાંત અવિનાશભાઈનાં ગીતો હતાં. (અર્થાત્ તે સમયે સક્રિય સ્વરકારોના લોકપ્રિય ગીતો હતાં.) એમણે એને જીવની જેમ જાળવ્યાં, પ્રસંગે પ્રસંગે માણ્યાં, વારંવાર મમળાવ્યાં અને વિદેશમાં જ જન્મેલાં–ભણતા સંતાનો વચ્ચે વહેંચ્યાં. પરિણામે આજે ભારતમાં ઠેરઠેર વસતા કે પરદેશ સ્થાયી થયેલા ગુજરાતી પરિવારોની બીજી કે ત્રીજી પેઢી પાસે આ ગીતો સચવાયાં.

આ વાતનો આનંદ પ્રગટ કર્યા પછી, એક અવલોકન પ્રત્યે પણ ધ્યાન દોરવું છે. ગુજરાતી શ્રોતાઓ પાસે સચવાયેલાં આ મર્યાદિત ગીત–ગઝલને કારણે નવાં ગીત–ગઝલ અને નવા સ્વરાંકનોને પોતાને માટે જગ્યા કરવામાં મુશ્કેલી પડે છે. ગુજરાતમાં, ભારતમાં અને પરદેશમાં બધે જ આ સ્થિતિ છે. એમાં, હવે ગુજરાતી ભાષાશિક્ષણ પણ ઘટી રહ્યું છે ત્યારે ગુજરાતનાં અમદાવાદ–વડોદરા જેવાં શહેરોમાં અને ભારતના અન્ય પ્રદેશોમાં વસતા ગુજરાતીઓની નવી પેઢી સુધી નવાં

**પ્રાદેશિક સંગીતની લોકપ્રિયતાના પ્રભાવ વચ્ચે ગુજરાતી સુગમસંગીતને પોતીકી ઓળખ ઊભી કરવાનું કામ કપરું જ હતું. અહીં શાસ્ત્રીય સંગીતના નિયમો અને લોકસંગીતની સાહજિકતાનો સુમેળ અપેક્ષિત બન્યો. લોકસંગીતનો લય, એના છંદ, એના તાલની સાથોસાથ રાગરાગિણીઓનું માધુર્ય ગુજરાતી સુગમસંગીતના સ્વરકાર સામે ઉપલબ્ધ હતાં. પણ, અહીં એકલાં સંગીતથી કામ ચાલે તેમ નહોતું, અહીં તો સ્વર સાથે વહેતા અર્થપૂર્ણ શબ્દની અપેક્ષા પણ હતી. શાસ્ત્રીય ગાયનમાં શબ્દનો મહિમા ઓછો અથવા નહિવત્ અને લોકસંગીતમાં એની સરળતા અને પુનરાવર્તનોની વિશેષ મર્યાદા રહે છે અને અહીં રસમય રસાયણ રચીને સ્વર શબ્દને સંગાથે વહેતા કરવાના છે, આથી અહીં સ્વરકારે શબ્દકાર-ગીતકાર પાસે જવાનું જરૂરી!**

ગુજરાતી ગીત લઈ જવાનું કામ ઘણું પડકારભર્યું છે અને વિદેશમાં તો એથી ય દુષ્કર! નવો શ્રોતા જ મળવો મુશ્કેલ છે અને નવાં ગીતોને આવકાર મળે એવું વાતાવરણ ક્યાંથી મળે? આવા સમયે ગુજરાતી સુગમસંગીતની કલાપ્રવૃત્તિના નવા આરાધકો સામે મોટો પડકાર ઊભો થયો છે.

મર્યાદિત શ્રોતાવર્ગથી સંતુષ્ટ કલાકારો નિજાનંદે પ્રવૃત્તિ કરે છે. એમાંના કેટલાક પોતાની ઉચ્ચ કાવ્ય-રુચિ અને સંગીત સૂઝની મદદથી એના અધિકારી ભાવકોની મહેફિલ જમાવે છે. આવા ભાવકો ગુજરાતમાંય છે ને વિદેશમાંય છે. પણ વધારે મોટા શ્રોતાવર્ગ સુધી ગુજરાતી ગીત-સંગીતનો પ્રચાર-પ્રસાર કરવા મથતા સ્વરકાર-ગાયકો પણ પરિસ્થિતિ સામે નિરાશ થયા નથી એ પણ નોંધવા જેવું છે. એ સહુ નવા ગીતને નવા સ્વરાંકન સાથે ગુજરાતમાં, ભારતમાં ને વિદેશમાંય સંગીતના કાર્યક્રમ કરતા રહે છે. અલબત્ત, આ માટે તેમણે પણ અસલની 'બેઠક' નામક રજૂઆતનો આશરો લેવો પડે છે. 'બેઠક'માં શ્રોતાઓ અને કલાકાર વચ્ચેનું અંતર ઓગળે છે. પરિણામે સેતુસર્જનનું કામ પણ સરળ બને છે. વળી અહીં રજૂઆતની કલા ઉપરાંત કૌશલ્યો પણ ઉપયોગમાં લેવાય છે. અગાઉની રચનાઓની રજૂઆતની સાથોસાથ આ નવી રચનાની રજૂઆત પણ સમાવી લેવાથી શ્રોતાઓ પણ એને આવકારે છે. અલબત્ત, નવી રજૂઆતનો સ્વીકાર સમય તો લે જ છે. અને એવું ય નોંધ્યું છે કે, કેટલીક રચનાઓની સર્વપ્રથમ રજૂઆતનેય શ્રોતાઓની સ્વીકૃતિ સાંપડી હોય. આવી રચનાઓ એની પુરોગામી સફળ-સ્વીકૃત રચનાઓના વર્ગમાં સમાવી શકાય એવી હોય છે. ઓછી ક્લિષ્ટ, સુગમ... અને એનું સ્વરાંકન પણ ખાસ અટપટું ન હોય તેવું.

વિદેશની ધરતી પર ગુજરાતી ગીત સંગીત માટેની તરસનો સાક્ષી બનવાનું થયું



છે. જૂની જાણીતી રચનાઓ આજે ય એવી જ પકડ ધરાવે છે, શ્રોતા બદલાય છે, છતાં એ ગીતો હજીય પહેલી પસંદ છે. ક્યાંક અપવાદરૂપે કિસ્સામાં આવી રચનાઓની બાદબાકીનો આગ્રહ રાખનારા ય મળ્યા છે. એમને નવું સંભાળવું છે, ને નવાની ઓળખાણ માટેની તૈયારી પણ ધરાવે છે. જૂનાનો અનાદર નથી પણ નવાને આવકાર છે. ગુજરાતી કાવ્ય અને કાવ્યસંગીતની સમજ ધરાવતા મર્યાદિત અધિકારી ભાવકો ઉપરાંતના ગુજરાતી ગીતસંગીતના ચાહકો વચ્ચે નવા ગુજરાતી ગીત-સંગીત વહેતાં કરવાનો પડકાર પણ ઝિલાઈ રહ્યો છે. કલાકરો માટેનું વાતાવરણ સર્જે છે અને ચાહકો ભાવક બનવાનો પ્રામાણિક પ્રયત્ન કરે છે.

ગમતાં અને સતત ગમતાં રહેલાં ગીતો વારંવાર સાંભળવા ગમે એ સ્વાભાવિક છે. એને માટેની ફરમાઈશ તો રહેવાની જ. એનાથી અકળાયે કે કંટાળે ન ચાલે. એણે તો કેડી કંડારી છે, બારી ખોલી આપી છે. એ છે ત્યારે તો નવાને માટે ય તક ઊભી થઈ છે. અંગત રુચિ અને પ્રવૃત્તિ સૌની પોતાની હોઈ શકે. પણ, આજે જ્યારે ગુજરાતી ગીતસંગીતના જૂના ચાહકોને સાચવવાના છે, નવાને ઉમેરવાના છે, ત્યારે સ્વરકાર ગાયકોએ રજૂઆતની કલાનો સૂઝપૂર્વક પ્રયોગ ઉપયોગ કરવો જરૂરી છે જૂનાં ગીતોની લોકપ્રિયતા સામે નાહિંમત કે નાસીપાસ થયે કામ નહિ ચાલે, કે એની અવગણના કરવાથી હેતુ સિદ્ધ નહીં થાય. જૂના સાથે નવાના સમન્વય સાથેની રસભર પ્રસ્તુતિ જ એનો એકમાત્ર ઉપાય છે. ◻


SINCE 1930
Arunbhai Maneklal Jhaveri & Sons
JEWELLERS & REGD. VALUERS
Exclusive Diamond Show Room
1,2,3, "SURYODAYA", SWASTIK CHAR RASTA, C.G.ROAD, NAVRANGPURA, AHMEDABAD - 380009. INDIA
TELE : 91-79-26568456, 26421243, 26425422 FAX : 91-79-26564243
E-mail : amjsons@yahoo.co.in, chintak9@yahoo.com.

# ગરવા ગાંધીનગરનું ગૌરવશાળી પર્વ 'મિરાત માતૃભાષાની'
# વિશ્વ માતૃભાષાદિન નિમિત્તે ગુજરાતી-ગીત-ગઝલ કવિતાનો કલશોર

૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગર ટાઉન હૉલ ખાતે 'મિરાત માતૃભાષાની' ગુજરાતી ગીત–ગઝલ કવિતાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્યામલ–સૌમિલ મુનશી, આરતી મુનશી દ્વારા પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન અને આધુનિક એમ ચાર સમયના કવિઓની રચનાઓ રજૂ કરી હતી. આખો કાર્યક્રમ જુદા જુદા જૂથમાં વહેંચી દેવામાં આવ્યો હતો. જે–તે યુગના કવિઓની રચના ઉપરાંત પ્રાર્થના, દુહા, સૉનેટ, છપ્પા, જૂની રંગભૂમિનાં ગીતો વગેરેની પણ ભાવસભર રજૂઆત કરવામાં આવી હતી.




જય જય ગરવી ગુજરાત ...સૌમિલ-શ્યામલ અને આરતી મુનશી

કાર્યક્રમમાં ચારણકન્યા, વળાવી બા આવ્યાં તથા કેટલીક અછાંદસ રચનાઓનું તુષાર શુક્લ દ્વારા પઠન કરવામાં આવ્યું હતું. આમ આખોય કાર્યક્રમ એક સૂરીલી યાત્રા સમો બની ગયો હતો. પાઠ્યપુસ્તકમાં સમાવાયેલી કવિતાઓને તથા શાળાના અભ્યાસક્રમમાં આવતી ગુજરાતી કવિતાઓને સાંભળવાનો અને માણવાનો અનેરો લાહવો શ્રોતાઓને ડોલાવી ગયો હતો. 'મિરાત માતૃભાષાની' કાર્યક્રમ શ્રોતાઓ અને કલાકારો માટે પણ યાદગાર બની ગયો હતો.

કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારનાં તંત્રી અને કલ્ચરલ ફોરમના પ્રણેતા કૃષ્ણકાંત જહા, નિવૃત આઈ. એ.એસ. વસંત ગઢવી, સાહિત્યકાર દોલત ભટ્ટ, વાગ્મિન બુચ વગેરે પણ હાજર રહ્યા હતા.

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સવારે જુદી જુદી ૨૧ શાળાઓમાં જુદા જુદા ૨૧ મૂર્ધન્ય કવિઓ, લેખકો, સાહિત્યકારો દ્વારા ચર્ચા પણ કરવામાં આવી હતી. આમ, ગાંધીનગરના કલાપ્રેમી શ્રોતાઓએ વિશિષ્ટ રીતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરી એક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ▫

### શ્રોતાઓનો સાદ...

• શાળામાં ભણતા ભણતા જે કવિતાઓ હૃદયમાં વસી ગઈ તે કવિતાઓ આપના સુમધુર કંઠેથી આજે ફરી વહેતી થઈ અને એ સાંભળવાનો અવસર અમારે માટે એક લહાણું બની રહ્યો.

– કૃતિ ધોળકિયા-લાખિયા, ગાંધીનગર

• 'આપ ગુજરાતી ભાષાને આપના સંગીત દ્વારા પ્રસાર કરવાનું જે ભગીરથ કામ કરી રહ્યા છો તે માટે આપની નિષ્ઠા આપના કાર્યક્રમમાં છલકતી જોવા મળે છે તેને માટે આપને શત શત પ્રણામ.'

– મયંક બુચ, ગાંધીનગર

• મિરાત માતૃભાષાની પ્રસ્તુતિ એક આહલાદ્દક અનુભવ બની રહ્યો. એક અનેરી સંગીતમય સાંજ દ્વારા ભુલાઈ ગયેલ ગુજરાતી કવિતાઓ યાદ કરાવવા બદલ ખૂબ ખૂબ આભાર.

– મૌરવી પાઠક, ગાંધીનગર

ગાંધીનગર ખાતે 'મિરાત માતૃભાષા' કાર્યક્રમમાં છલોછલ છલકાયો ટાઉનહૉલ






અમદાવાદ

# પ્રેમના મખમલી ગીતોનો કાર્યક્રમ 'હું અને તું'



જય ચાવડા



કાર્યક્રમનું સંચાલન કરતાં જય વસાવડા અને કાજલ ઓઝા-વૈદ્ય



દિપાલી સોમૈયા



દ્રવિતા ચોકસી



'તને ગીત દઉં કે ગુલાબ...'

અલગ અલગ ઓળખ ધરાવતા 'હું અને વ્હેણથી એકમેકમાં ઓગળી જાય ત્યારે અવસર એટલે 'હું અને તું' વેલેન્ટાઈન પર્વ ગીતોનો કાર્યક્રમ યોજાઈ ગયો. અમદાવાદમાં ફેબ્રુઆરી અને મુંબઈમાં તેજપાલ સભાગૃહ શ્યામલ-સૌમિલ મુનશી, આરતી મુનશી, ચાવડાએ પ્રેમની અભિવ્યક્તિ કરાવતા ગીતો લજામણીનો છોડ', 'હું અને તું', 'હો સાવ પ્રસ્તુત કરવામાં આવી હતી. મુંબઈ અને આ કાર્યક્રમ મનભરી માણ્યો હતો. મુંબઈ ગુજરાતી ગઝલ આલબમ રજૂઆતનું વિશિષ્ટ આસ્વાદ જાણીતા કટાર લેખક જય વસાવડા

તું'નામના કાંઠા જ્યારે પ્રેમના ધસમસતા ઊમટેલાં પૂરમાં અસ્તિત્વને ઝબકોળવાનો નિમિત્તે 'સ્વરસેતુ' દ્વારા પ્રેમના મખમતી ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે તારીખ ૧ અને ૨ ખાતે તારીખ ૧૨ ફેબ્રુઆરીના કાર્યક્રમમાં દિપાલી સોમૈયા, દ્રવિતા ચોક્સી, જય રજૂ કર્યાં હતા. જેમાં 'પિયુ મારો લીલો રિયા', 'તું મને ગમે છે.'વગેરે જેવી રચનાઓ અમદાવાદ બંને સ્થળે ભાવકોને 'સ્વરસેતુ'નો ખાતેના પ્રોગમમાં શ્યામલ-સૌમિલના પ્રથમ રીતે વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો અને કાજલ ઓઝા-વૈદ્યે કરાવ્યો હતો.








મુંબઈ



'ના તને ખબર પડી, ના મને ખબર પડી'



અવતરણ



આશ્ચર્ય




'હું અને તું'ના સાદ વચ્ચે સેક્સોફોનનો નાદ ડોલાવી ગયો



'રજૂઆત'નું અનાવરણ

# અમદાવાદના જન્મદિવસે રચાયો શિલ્પ, સન્માન અને સૂરનો ત્રિવેણી સંગમ...









**અમદાવાદના ૬૦૩માં જન્મદિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વસ્ત્રાપુર તળાવને 'નરસિંહ મહેતા તળાવ' નામ અપાયું અને તેમની પ્રતિમાનું અનાવરણ કરાયું. આ અવસરે શ્યામલ-સૌમિલ મુનશીનું શહેરને ગૌરવ અપાવનાર કલાશ્રેષ્ઠી તરીકે સન્માન કરાયું. ત્રિવેણી સંગમ સમા કાર્યક્રમમાં શ્યામલ-સૌમિલ અને આરતી મુનશી તેમજ હેમંત ચૌહાણ અને હસમુખ પાટડિયાએ ગીત-સંગીતની પ્રસ્તુતિ કરી હતી.**

અમદાવાદના ૬૦૩માં જન્મદિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અનોખા ત્રિવેણીસંગમ સમો કાર્યક્રમ તારીખ ૨૬ ફેબ્રુઆરીના રોજ ક્ષેમુ દિવેટીઆ એમ્ફી થિયેટર ખાતે યોજાઈ ગયો. જેમાં, વસ્ત્રાપુર તળાવનું ભક્તકવિ નરસિંહ મહેતા નામાભિધાન, નરસિંહ મહેતાની પ્રતિમાનું અનાવરણ તથા ગુર્જર ગિરાને ગૌરવ અપાવનાર પુરસ્કૃત કલાશ્રેષ્ઠિઓનું અમદાવાદ નગર વતી જાહેર નાગરિક સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષસ્થાને માનનીય મંત્રીશ્રી આનંદીબહેન પટેલ હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી પુરુષોત્તમ રૂપાલાએ આ કાર્યક્રમને માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભવ્ય અને દિવ્ય ગુજરાતના સ્વપ્નની શરૂઆત તરીકે ગણાવ્યો હતો. તેમજ તેમણે અમદાવાદના મેયર હસિત વોરા દ્વારા કરવામાં આવેલાં આયોજનને બિરદાવ્યું હતું. શ્રી હસિત વોરાએ પોતાનાં ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, પુરસ્કૃત કલાકારોનું સન્માન એ ઋણ સ્વીકારની ક્ષણ છે. આ પ્રસંગે માનનીય મંત્રી શ્રી આનંદીબહેન પટેલ, સાંસદ સુરેન્દ્ર પટેલ, સાંસદ પુરુષોત્તમ રૂપાલા તથા અમદાવાદના મેયર હસિત વોરાના હસ્તે ગુર્જર ગિરાને ગૌરવ અપાવનાર પુરસ્કૃત કલાશ્રેષ્ઠિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ શ્યામલ–સૌમિલ, આરતી મુનશીએ અમદાવાદ પરની બે રચનાઓ 'સાબરમતી નિરંતર જેને હૈયે નિર્મળ વહે' અને 'અમારું શહેર છે, અમદાવાદ' ગાઈને કર્યો હતો તેમજ સમાપન શ્યામલ–સૌમિલ, આરતી મુનશી, હસમુખ પાટડિયા તથા હેમંત ચૌહાણના કંઠે ગવાયેલા નરસિંહ મહેતાના વિવિધ ભજનો અને ગાન સાથે થયો હતો. આ પ્રસંગે શ્રી કચ્છ–સૌરાષ્ટ્ર વડનગરા નાગર દ્વારા તૈયાર કરવામાં આવેલી નરસિંહ મહેતાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ અવસરને માણવા માટે બહોળી સંખ્યામાં નગરજનો અને નાગરજનો ઉપસ્થિત રહ્યાં.


# અમદાવાદને ગૌરવ અપાવનાર કલાશ્રેષ્ઠીઓનું સન્માન



દેવેન્દ્ર પટેલ


બકુલ ધોળકિયા



કુમારપાળ દેસાઈ



હર્ષ બ્રહ્મભટ્ટ


ગૌરાંગ વ્યાસ



રાજૂ બારોટ


અર્ચન ત્રિવેદી


ચંદ્રકાન્ત ઠક્કર


બિજોય શિવરામ


પ્રફુલ્લ ભાવસાર


નીરજ પરીખ


મોનિકા શાહ


મુંજાલ મહેતા


પ્રફુલ્લ દવે


મીનાબહેન પટેલ


હેમેન્દ્ર દિક્ષિત


ઉમા અનંતાણી


ઈશિરા પરીખ


મૌલિક શાહ


ભરત બારિયા


જયશ્રી પરીખ


ઋષિકુમાર શાસ્ત્રી


કાશ્મીરા ત્રિવેદી


ખમ્મા પરાગ શાહ


અક્ષય પટેલ

સ્થળ સંકોચને કારણે અહીં પુરસ્કૃત કલાશ્રેષ્ઠીઓની વધુ તસવીરો સમાવી શક્યા નથી. તે સૌને પણ 'સ્વરસેતુ'ની ખૂબ ખૂબ શુભેચ્છા

# સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે પ્રકાશિત વિવેક-વંદનાનાં પુસ્તકો

તમે કોઈકને નરેન્દ્ર વિશ્વનાથ દત્ત નામ કહો તો, એને અજાણ્યું લાગશે. કિન્તુ તમે એને સ્વામી વિવેકાનંદ નામ કહેશો તો આદરથી એનું મસ્તક ઝૂકી જશે. ૩૯ વર્ષ, ૫ માસ અને ૨૪ દિવસનું અલ્પ આયખું જ મળ્યું હોવા છતાં સ્વામી વિવેકાનંદના વિચારોનો પ્રભાવ સદીઓ પર્યંત ધબકતો રહેશે.

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મશતાબ્દી ઊજવાઈ રહી છે, એ શુભ નિમિત્તે કેટલાંક વિશિષ્ટ પ્રકાશનો થયાં છે. આ પુસ્તકોની સૂચિ અને તેની સંક્ષિપ્ત ઝલક જોઈએ.

• **વિવેક પત્રપરાગઃ** ભગિની નિવેદિતા, શ્રીમતી બુલ, મિસ મેકલાઉડ, જેવી પંદર વિદેશી મહિલાઓને સ્વામીજીએ લખેલા પત્રો **કિંમત ₹ ૧૭૦**

• **વિવેકાનંદ પત્રમર્મરઃ** ગુરુબંધુઓ, શિષ્યો તથા સ્નેહીજનોને સ્વામીજીએ લખેલા પત્રો. **કિંમત ₹ ૨૨૫**

• **રાજયોગ વિશે વિવેકાનંદઃ** રાજયોગ દ્વારા સિદ્ધિઓ પામવાના પ્રેરક વિચારો દ્વારા સ્વામીજીએ કરેલાં ઉદ્‌બોધનો **કિંમત ₹ ૧૨૦**

• **શિક્ષણ વિશે વિવેકાનંદઃ** શિક્ષણ– કેળવણી– વિષયક અનોખું દિશાદર્શન કરાવતાં સ્વામીજીના વિચારો **કિંમત ₹ ૧૨૦**

• **જ્ઞાનયોગ વિશે વિવેકાનંદઃ** બ્રહ્મ– બ્રહ્માંડ, માયા–સત્ય જેવા માર્મિક વિષયો ઉપરનું સ્વામીજીનું ચિંતન. **કિંમત ₹ ૧૫૦**

• **કર્મયોગ વિશે વિવેકાનંદઃ** કર્મ દ્વારા મુક્તિ સુધી પહોંચવાનું કઈ રીતે શક્ય છે, તે સમજાવતું પુસ્તક. **કિંમત ₹ ૮૦**


• **વેદાંત વિશે વિવેકાનંદઃ** વૈદિક ધર્મની સાચી ઓળખ શિકાગો ખાતે વિશ્વધર્મ પરિષદમાં આપનાર સ્વામીજીની વૈદિકધર્મ પ્રત્યેની સમજ આપતું પુસ્તક **કિંમત ₹ ૧૩૦**


• **ભક્તિ વિશે વિવેકાનંદઃ** ધર્મ અને ભક્તિ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે. ભક્તિના વિવિધ પ્રકારો વિશે સ્વામીજીનું ચિંતન વ્યક્ત કરતું પુસ્તક. **કિંમત ₹ ૧૧૦**


• **વિવેકાનંદ વિચારવૈભવઃ** અવતાર, અહિંસા, આત્મા, એકાગ્રતા, ગુરુ, ગૃહસ્થજીવન, નીતિશાસ્ત્ર, મૂર્તિપૂજા, શ્રદ્ધા, જ્ઞાન અને અજ્ઞાન જેવા ૪૦ વિષયો ઉપરનું સ્વામીજીનું પારદર્શક ચિંતન. **કિંમત ₹ ૧૭૦**

આ પુસ્તકો માત્ર વિચારો અને ચિંતન નથી આપતાં, ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ ઝીલે છે. યુવાનોને નવો તરવરાટ આપે છે.


આ તમામ પુસ્તકોના સંપાદક શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ છે.




પ્રાપ્તિસ્થાનઃ ગૂર્જર પ્રકાશન


SHYAMAL-SAUMIL
the musical odyssey
શ્યામલ–સૌમિલ મુનશી પ્રસ્તુત
હૃદયસ્પર્શી અને ચોટદાર ગઝલોની સોગાત
રજૂઆત
ગુજરાતી ગઝલ આલબમ
TOUCHING TUNES
music for all forever
Audio CD Available at all **Music Stores.**
સંપર્ક કરો:
**Marketed by**: Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us: **26561834/35** visit us at: www.shyamalsaumil.com
સંગીત અને ગાયક
શ્યામલ-સૌમિલ




# એક પરબ પ્રેમની ખોલવાનો...

ભૂજના જાણીતા કવિ જયસુખ પારેખ 'સુમન'ની ૧૨ જેટલી રચનાઓને ઑડિયો આલબમ 'એક પરબ પ્રેમની ખોલવાનો...'માં સમાવેશ કરવામાં આવી છે. કવિની રચનાઓને મિહીર જાની, મુકુન્દ ભટ્ટ, સ્તુતિ કારાણી, વાચા માંકડ, કમલેશ સોલંકી, નિરવ પારેખ, મુકુન્દ ભટ્ટે કંઠ આપ્યો છે. આલબમમાં 'કોઇ કહે છે ફૂલ તમને...', 'આવ ઝરુખે આજ તો પ્રીતમ...' અને 'એક પરબ પ્રેમની ખોલવાનો...' સુંદર રીતે રજૂ થઇ છે. આલબમની અન્ય રચનાઓ પણ ભાવકોને સ્પર્શી જાય તેવી છે. આલબમમાં સંગીત નિરવ પારેખે આપ્યું છે.

આમ, પ્રેમભરી રચનાઓને ભાવસભર સભર સૂર અને સંગીતનો સાથ આલ્બમને સાંપડવાથી શ્રોતાઓનો સ્નેહ અને દાદ પણ અવશ્ય મળશે જ.

**ઑડિયો આલબમ** - એક પરબ પ્રેમની ખોલવાનો...
**પ્રાપ્તી સ્થાન** - સુમન રેમેડીઝ, સી-૧૭, આરટીઓ રિલોકેશન સાઈટ, ભૂજ.
**કિંમત** - ₹ ૭૦

૩૦ ગાયકો, ૫૪ કવિઓ
૧૦૩ ગીત, ગઝલ, ભજન ગરબાનો અણમોલ ખજાનો....

ભાવ-ઊર્મિ- વિચારનો સુરીલો ધબકાર
મૌન સંવેદનાની સંગીત સભર અભિવ્યક્તિ
વિભિન્ન ક્ષણોની મૂક અનુભૂતિનું સૂર-શબદમાં
સહિયારું પ્રાગટ્ય

સંગીત સુધા

પ્રસ્તુતકર્તા - સ્વરકાર
ક્ષેમુ દિવેટિઆ  માલવ દિવેટિઆ
વાદ્યવૃન્દ નિર્દેશન
આશિત દેસાઈ • ગૌરાંગ વ્યાસ • શ્યામલ-સૌમિલ મુનશી

પ્રાપ્તિસ્થાન
૧૬, ગોકુલ રો હાઉસ, શ્યામલ રો હાઉસ પાસે, માણેકબાગ પોસ્ટ ઓફીસ, અમદાવાદ ૩૮૦૦૧૫. ફોન : ૦૭૯ ૨૬૭૩૪૭૭૦, ૯૮૨૫૪૦૦૧૬૪

# ત્રી-દિવસીય 'તાલય' મહોત્સવ યોજાયો



તારીખ ૮, ૯ અને ૧૦ ફેબ્રુઆરીના રોજ અમદાવાદના સમુત્કર્ષ હૉલ ખાતે તબલાં તાલીમ સંસ્થા દ્વારા ત્રિ-દિવસીય 'તાલય' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તબલાંવાદનની વિવિધ પ્રસ્તુતિ ઉપરાંત અન્ય કેટલાંક તંતુવાદ્યો અને શાસ્ત્રીય વાદન કરવામાં આવ્યું હતું.

૮ ફેબ્રુઆરીના રોજ સમૂહ તબલાં-વાદન ઉપરાંત ષડ્જ ઐયરે રાગ ચંદ્રકૌસની પ્રસ્તુતિ કરી પ્રેક્ષકોને ડોલાવ્યા હતા. તબલાં પર પ્રવીણ શિંદે અને હાર્મોનિયમ પર રાજુ ગાંધીએ સંગત કરી હતી. રાગ ગાંધીની ગાયન પ્રસ્તુતિ પર કલ્પેશ ભોજકે-સંગત કરી હતી. ત્યાર બાદ શુભા દેસાઈના વિદ્યાર્થીઓએ કથ્થકની પ્રસ્તુતિ કરી હતી.


ષડ્જ ઐયર

૯ ફેબ્રુઆરીના રોજ કાર્યક્રમમાં સમૂહ તબલાં વાદને પણ શ્રોતાઓને રસતરબોળ બનાવ્યા. આ ઉપરાંત કાર્યક્રમમાં બલરાજ શાસ્ત્રીના ગાયન પર રિદ્દિશ વોરાએ તબલાં અને નયન પંચાલે હાર્મોનિયમ પર સંગત કરી હતી. તેમજ ઋત્વિક પંડ્યાના તબલાં વાદન પર કલ્પેશ ભોજકે હાર્મોનિયમ પર સંગત કરી હતી. કાર્યક્રમના અંતિમ સેશનમાં હેમદીપ શર્માના જલતરંગ પર મંત્રાર્ક મહેતાએ તબલાં પર સંગત આપી હતી.

૧૦ ફેબ્રુઆરીના રોજ કાર્યક્રમનો પ્રારંભ તબલાવાદનથી જ થયો હતો. ત્યારબાદ ગૌરવ પાઠકના વાયોલિન વાદન પર કશ્યપ ગોહિલે તબલાં પર સંગત કરી હતી અને આદિત્ય પંડિતના કંઠ્યગાનનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અંતિમ ચરણમાં મૌલી દલાલ અને જયિની શાહ સિતાર સાથે આકાશ ત્રિવેદીએ તબલાંવાદનની કર્ણપ્રિય પ્રસ્તુતિ કરી.

આમ આ સમગ્ર કાર્યક્રમમા સૂર, તાલ અને લયનો સુભગ સમન્વય ભાવકોને ભીંજવી જવા પૂરતો હતો. □

# અમદાવાદ ઈઝ રાઈઝિંગ...



મહિલાઓ પર થતી હિંસાને એક મંચ પર ભેગા મળીને દૂર કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે શરૂ કરવામાં આવેલા કેમ્પેઈન 'વન બિલિયન રાઈઝિંગ'ના ભાગરૂપે અમદાવાદમાં 'અમદાવાદ રાઈઝિંગ' કેમ્પેઈન ૧૪ ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠ સ્થિત મેદાનમાં યોજાયેલા કેમ્પેઈનના લોન્ચિંગ પ્રસંગે સૌમિલ મુનશીએ સ્ત્રીઓ પર થતી હિંસાને રોકવા અને તેમાંથી આઝાદી અપાવવા માટે ખાસ રચાયેલા ગરબા રજૂ કર્યા હતા. જેમાં ગાર્ગી વોરા, યાત્રી શેઠ, દેવકી ભટ્ટ, બલરાજ શાસ્ત્રી અને હસમુખ બારોટ વગેરેએ સાથ આપ્યો હતો. □



## અમદાવાદ ખાતે 'રુહાનિયત' સૂફી મ્યૂઝિક ફેસ્ટિવલ યોજાયો

અમદાવાદના વસ્ત્રાપુર સ્થિત ક્ષેમુ દીવેટિઆ એમ્ફિથિયેટરમાં તારીખ ૪ ફેબ્રુઆરીના રોજ 'રુહાનિયત' સૂફી મ્યૂઝિક ફેસ્ટિવલ યોજાયો હતો. જેમાં આંધ્રપ્રદેશથી આવેલા રિફાઈ ફકીરો, મધ્યપ્રદેશથી આવેલા કબીરપંથી પદ્મશ્રી પ્રહલાદ ટિપાણિયા અને તેમના સાજીંદાઓ, રાજસ્થાનના માંગનિઆર કલાકારો તેમજ બંગાળી બાઉલ ગાયિકા પાર્વથી બાઉલે જોશદાર નૃત્ય સાથે પહાડી અવાજમાં પ્રસ્તુતિ આપી. ત્યારબાદ તુર્કીના ખાસ દરવેશ નૃત્યથી લોકોએ પરમતત્ત્વમાં એકાકારનો અનુભવ કર્યો હતો અંતમાં મુરદાબાદના ચીશ્તી કવ્વાલોએ પોતાની ગાયકીથી શ્રોતાઓનાં દિલ જીતી લીધાં હતાં.

## ફાર્બસ ગુજરાતી સભાના પ્રમુખપદે નવીનભાઈ દવે નિયુક્ત



શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ (એસજીવીપી) છારોડી, અમદાવાદ અને રાજકોટના ટ્રસ્ટી તેમજ વિવિધ શૈક્ષણિક, સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા જાણીતા ઉદ્યોગપતિ નવીનભાઈ દવેની ઉજ્જવળ ઈતિહાસ અને પરંપરા ધરાવતી પ્રતિષ્ઠિત સાહિત્યિક સંસ્થા ફાર્બસ ગુજરાતી સભાના પ્રમુખપદે હાલમાં યોજાયેલી ટ્રસ્ટીઓની મિટિંગમાં સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી છે.

કવિ સુરેશ દલાલ સાથે ઇમેજની શરૂઆત કરનાર નવીનભાઈ ઇમેજ પબ્લિકેશન, ઇમેજ બુક કલ્ચર ટ્રસ્ટ, પરિચય ટ્રસ્ટ અને હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટના ચૅરમૅન તરીકે પણ સક્રિય છે. બ્રિટનના રાણી એલિઝાબેથ બીજા તરફથી કોટ ઓફ ફાર્મસનું સન્માન ૧૯૪૭ પછી પ્રાપ્ત કરનારા નવીનભાઈ પ્રથમ ભારતીય છે. એમની રાહબરી હેઠળ ફાર્બસ ગુજરાતી સભા વધુ કાર્યશીલ બનશે એવી અપેક્ષા છે.



## સ્મૃતિ અને જહાન્વીએ આરંગગેત્રમ દ્વારા રંગભૂમિ પર પ્રથમ મંગલાચરણ કર્યું


શુક્રવાર, ૧ લી ફેબ્રુઆરીના રોજ અમદાવાદના શેઠ મંગળદાસ ટાઉન હૉલ ખાતે ભરતનાટ્યમ આરંગગેત્રમનો કાર્યક્રમ યોજાઈ ગયો હતો. અર્ચન એકૅડમીની નિશ્રા અને કલાગુરુ કેતા ઠક્કરના માર્ગદર્શન હેઠળ સુનિલ ઠક્કર અને જ્યોતિ ઠક્કરની પુત્રીઓ કુ. સ્મૃતિ અને કુ.જહાન્વીએ રંગભૂમિ પર પ્રથમ મંગલાચરણ કર્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે તુષાર પુરાણી ઉપસ્થિત રહ્યાં હતા.

# જન્મદિવસ




૧ એપ્રિલઃ પાયલ વખારિયા રાવલ(ગાયિકા, અમદાવાદ)
૧ એપ્રિલઃ ગૌરવી અધ્યારુ (ગાયિકા, અમદાવાદ)
૧ એપ્રિલઃ નિમેશ દેસાઈ (નાટ્યકલાકાર, દિગ્દર્શક, અમદાવાદ)
૧ એપ્રિલઃ કિશોરસિંહ સોલંકી (સાહિત્યકાર, અમદાવાદ)
૩ એપ્રિલઃ અમિત મહેતા (ગાયક, સંગીતકાર, અમદાવાદ)
૩ એપ્રિલઃ સુધા સુંદરમ (લેખિકા, પોંડિચેરી)
૩ એપ્રિલઃ હરીહરન (પાર્શ્વગાયક, મુંબઈ)
૩ એપ્રિલઃ જગદીશ ત્રિવેદી (લેખક, ભાવનગર)
૩ એપ્રિલઃ હિમાંશુ જોશી (કવિ, સાહિત્યકાર, મુંબઈ)
૪ એપ્રિલઃ ઋતુ મિસ્ત્રી (ગાયિકા, ભાવનગર)
૪ એપ્રિલઃ રજનીકાન્ત રાવલ (લેખક, અમદાવાદ)
૪ એપ્રિલઃ સતીન દેસાઈ 'પરવેઝ' (કવિ, દાહોદ)
૪ એપ્રિલઃ કિસન સોસા 'અનામય' (કવિ, બાળસાહિત્યકાર, સુરત)
૫ એપ્રિલઃ ધરમશી શાહ (નૃત્યકાર, ભાવનગર)
૫ એપ્રિલઃ રણછોડ સોલંકી (ભવાઈ કલાકાર, ભાવનગર)
૫ એપ્રિલઃ હરનિશ જાની (સાહિત્યકાર, યુ.એસ.એ.)
૫ એપ્રિલઃ નલિની માડગાંવકર (કવયિત્રી, મુંબઈ)
૭ એપ્રિલઃ જિતુદાન ગઢવી-જીગર વાંકાનેરી (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)
૮ એપ્રિલઃ ડૉ. નિમિશ શાહ (ગાયક, અમદાવાદ)
૮ એપ્રિલઃ ધ્વનિત (આર.જે., અમદાવાદ)
૯ એપ્રિલઃ હેમેન શાહ (કવિ, મુંબઈ)
૯ એપ્રિલઃ પિંકી અવસ્થી (ઉદ્‌ઘોષક, ભાવનગર)
૯ એપ્રિલઃ ગાર્ગી શાહ (ગાયિકા, અમદાવાદ)
૧૦ એપ્રિલઃ વર્ષા અડાલજા (ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, મુંબઈ)
૧૦ એપ્રિલઃ કિશોરી અમોનકર (શાસ્ત્રીય ગાયિકા, મુંબઈ)
૧૦ એપ્રિલઃ રૂપા દિવેટિયા (નાટ્યકલાકાર, મુંબઈ)
૧૦ એપ્રિલઃ અશ્વિન મહેતા (ગાયક, મુંબઈ)
૧૦ એપ્રિલઃ મેઘના દેસાઈ (નૃત્યાંગના, ભાવનગર)
૧૧ એપ્રિલઃ માતંગ પરીખ (વાદક કલાકાર-તબલા, ગાયક, અમદાવાદ)
૧૧ એપ્રિલઃ કલ્યાણી કૌઠાળકર (ગાયિકા, અમદાવાદ)
૧૧ એપ્રિલઃ વર્ષા ત્રિવેદી (ગાયિકા, ભાવનગર)
૧૧ એપ્રિલઃ પ્રફુલ્લ ભાવસાર (દિગ્દર્શક, અમદાવાદ)
૧૧ એપ્રિલઃ ટેમ્પુભાઈ (વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)
૧૨ એપ્રિલઃ નીતિન મહેતા (સાહિત્યકાર, મુંબઈ)
૧૩ એપ્રિલઃ ગૌરાંગ ઠાકર (સાહિત્યકાર, સુરત)
૧૩ એપ્રિલઃ ઉર્વીશ વસાવડા (કવિ, જૂનાગઢ)
૧૩ એપ્રિલઃ નીલા ધોળકિયા (ગાયિકા, અમદાવાદ)
૧૪ એપ્રિલઃ શ્યામલ મુનશી (ગાયક, સ્વરકાર, કવિ, અમદાવાદ)
૧૪ એપ્રિલઃ કમલેશ ઝાલા (વાદક કલાકાર-વાયોલીન, અમદાવાદ)
૨૦ એપ્રિલઃ દાન વાઘેલા (કવિ, ભાવનગર)
૨૦ એપ્રિલઃ ડંકેશ ઓઝા (લેખક, ગાંધીનગર)
૨૧ એપ્રિલઃ સમીર રાજડા (નાટ્યકલાકાર, મુંબઈ)
૨૧ એપ્રિલઃ હરિતા દેસાઈ (ગાયિકા, કેનેડા)
૨૧ એપ્રિલઃ શ્રેયસ દવે (વાદક કલાકાર-વાંસળી, અમદાવાદ)
૨૨ એપ્રિલઃ માધવ રામાનુજ (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)
૨૩ એપ્રિલઃ સંજીવ દર્શન (સંગીતકાર, મુંબઈ)
૨૩ એપ્રિલઃ રાજુ પારેખ (કવિ, ચિત્રકાર, ભાવનગર)
૨૪ એપ્રિલઃ દિલીપ રાઠોડ (ચિત્રકાર, ફોટોગ્રાફર, ભાવનગર)
૨૪ એપ્રિલઃ કવિતા પૌડવાલ (ગાયિકા, મુંબઈ)
૨૫ એપ્રિલઃ જયદેવ શુકલ (કવિ, સાહિત્યકાર, વડોદરા)
૨૫ એપ્રિલઃ સત્યેન જગીવાલા (ગાયક કલાકાર, સુરત)
૨૭ એપ્રિલઃ જિગીષા અર્ચન ત્રિવેદી (વ્યંગ લેખીકા, અમદાવાદ)
૨૮ એપ્રિલઃ હિના નિસર્ગ ત્રિવેદી (નાટ્યકલાકાર, અમદાવાદ)
૨૮ એપ્રિલઃ શર્મન જોશી (ફિલ્મ અને નાટ્યકલાકાર, મુંબઈ)
૨૮ એપ્રિલઃ ડૉ. ફાલ્ગુની ડૉક્ટર (ગાયિકા, અમદાવાદ)
૩૦ એપ્રિલઃ આતિશ કાપડિયા (લેખક, નાટ્યકલાકાર, મુંબઈ)
૩૦ એપ્રિલઃ અનાર કઠિયારા શાહ (ગાયિકા, વડોદરા)

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...





- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ**
ન્યૂઝ ડાયજેસ્ટ





સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com


| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું..............................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹........................મોકલી આપુ છું,

નામ :-.........................................................................................................................................................................

સરનામું :-....................................................................................................................................................................

.................................................................................................................................................................................

ટેલિફોન નંબર :-..........................................મોબાઈલ નંબર :-..................................ઈ-મેઈલ :-.................................................


ચેક/ડી.ડી નંબર :-..........................................બેંક :-..................................................................તારીખ :-...............................

( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.

# સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવો...
# બેટી વધાવો...

## દીકરીને
## સમાન તક આપો
## અને ભણાવો.



બેટી વધાવો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત રાજય

"Registered under RNI No. GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th date of Every Month under Postal Regd. No. GAMC 1833/2012 - 2014 Valid Up to 31/12/2014. Published on dated 10th . Posted on every month.

# દરેક ક્ષણ
# અનેરા આભૂષણ



Since 1950

...આપનું ગર્વ!

# એ બી જ્વેલર્સ

સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્સ, શિવરંજની ક્રોસ રોડ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ০૧૫.
ફોનઃ ০૭૯-૨૬૭૪૨૫૨૫/૨૬/૨૭/૨૮
Website: www.abjewels.com • E-mail: benchmark@abjewels.com
Like us on / abjewels

ડાયમંડ
પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર
**અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મૉલ**

TRITON